RNI NO. GUJ/GUJ/2004/15191

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૭૯ ફાગણ વદ-૧ મંગળવાર, તા.૨૬-૦૩-૨૦૨૪ અંક : ૧૩૨ વર્ષ : ૨૧ news@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

## રંગોત્સવના દિવસે રાજયમાં વિવિધ સ્થળોએ ડૂબી જવાની ઘટનાઓ

# ડૂબી જવાની 8 ઘટનામાં 13ના મોત



ભાવનગર,તા.૨૬

રંગોત્સવના દિવસે જ રાજયમાં વિવિધ સ્થળોએ અકસ્માત એટલે કે ડૂબી જવાની ઘટનાઓ સામે આવી છે. રાજયમાં ડૂબી જવાની અલગ અલગ ૮ ઘટનામાં ૧૩ લોકોના મોત થયા છે. ભાવનગર-તળાજાના મણાર ગામ પાસે આવેલા ચેકડેમમાં ત્રણ યુવાનો ડૂબતાં મોત નીપજ્યા હતા. તો ખેડાના વડતાલમાં ગોમતી તળાવમાં ત્રણ વિદ્યાર્થી ડૂબી જતાં મોત થયા હતા. આ ઉપરાંત બનાસકાંઠાના પાલનપુરની બાલારામ નદીમાં ડૂબવાથી ૨ યુવકોના મોત થયા હતા. ધુળેટીની ઉજવણીને લઈ ડીસાના યુવકો નદીમાં નાહવા પડતા જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. તો મહીસાગરના રણજીતપુરાના પીપળી ખેત તલાવડીમાં બાળકનું ડૂબવાથી મોત નીપજ્યું હતું. આ સહિતની કુલ આઠ ઘટનામાં તેરના મોત થયા છે.

## ૧૦૮ એમ્બ્યુલન્સને જ નડ્યો અકસ્માત ત્રણના મોત અને દર્દીનો આબાદ બચાવ

રાજકોટ,

રાજકોટ-ચોટીલા હાઈવે ફરી એક વખત રક્તરંજીત થયો છે. હાઈવે પર ટ્રક પાછળ એમ્બ્યુલન્સ ઘૂસી જતા એમ્બ્યુલન્સમાં દર્દીને સારવાર અર્થે લઈ જઈ રહેલ ૩ લોકોનાં ઘટનાં સ્થળે જ મોત નિપજ્યા હતા જ્યારે એક વ્યક્તિનો બચાવ થયો હતો.

મળતી માહિતી મુજબ રાજકોટ-ચોટીલા હાઈવે પર સવારનાં સુમારે ચોટીલા તરફથી આવી રહેલ એમ્બ્યુલન્સમાં દર્દીને સારવાર માટે લાવવામાં આવતો હતો. જે દરમ્યાન અચાનક જ આગળ જઈ રહેલ ટ્રકની પાછળ એમ્બ્યુલન્સ ઘૂસી જવા પામી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં દર્દી સાથે રહેલા ત્રણ વ્યક્તિઓ વિજય બાવળિયા, પાયલ મકવાણા, ગીતા મિયાત્રાનાં મોત નિપજ્યા હતા. જ્યારે દર્દીનો બચાવ થવા પામ્યો હતો.



## ભાજપે તમામ ૫ બેઠક પર આયાતી ઉમેદવારોને ટિકિટ આપી

### વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ઉમેદવારો જાહેર

અમદાવાદ,

ગુજરાત વિધાનસભાની ૫ બેઠકોની પેટાચૂંટણી માટે ભાજપે ઉમેદવારો જાહેર કર્યા છે. ભાજપે આ તમામ ૫ બેઠક પર આયાતી ઉમેદવારોને ટિકિટ આપી છે. ગુજરાતમાં ધારાસભ્ય પદ છોડીને ભાજપમાં આવેલા તમામને ટિકિટ અપાઈ છે. ભાજપે ૫ વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી માટે ઉમેદવારની જાહેરાત કરી. વીજાપુરથી સી.જે.ચાવડા, ખંભાતથી ચિરાગ પટેલ, પોરબંદરથી અર્જુન મોઢવાડિયા, માણાવદરથી અરવિંદ લાડાણી અને વાઘોડિયા બેઠક પરથી ધર્મેન્દ્રસિંહ વાઘેલાને ટિકિટ આપી છે.

## દિલ્હીમાં AAP અને BJPનું પ્રદર્શન

### પીએમ આવાસની આસપાસ કલમ ૧૪૪ લાગુ : BJPએ કહ્યું- કેજરીવાલ રાજીનામું આપે

નવીદિલ્હી,

ભાજપ અને આમ આદમી પાર્ટીના કાર્યકરો આજે દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. AAP કાર્યકરોનું પ્રદર્શન મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડના વિરોધમાં છે. જ્યારે ભાજપના કાર્યકરો કેજરીવાલ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપે તેવી માંગ સાથે વિરોધ પ્રદર્શન કર્યુ છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડના વિરોધમાં આમ આદમી પાર્ટીનો વિરોધ ચાલુ છે. આજે પાર્ટી વડાપ્રધાનના



આવાસનો ઘેરાવ કરશે. કેજરીવાલની ૨૧ માર્ચે દારૂ પોલિસી કૌભાંડ કેસમાં તેમના નિવાસસ્થાનેથી ધરપકડ કરવામાં આવી હતી. તે ૨૮ માર્ચ સુધી EDની કસ્ટડીમાં છે.

આજે કેજરીવાલે ED કસ્ટડીમાંથી બીજો સરકારી આદેશ જાહેર કર્યો છે. AAP મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે કેજરીવાલે સ્વાસ્થ્ય મંત્રાલયને સૂચના આપી છે કે મોહલ્લા ક્લિનિક્સમાં ગરીબો માટે દવાઓની કોઈ અછત ન પડવી જોઈએ. લોકોને મફત ટેસ્ટ અને દવાઓ પૂરી પાડવામાં આવે. આ પહેલા કેજરીવાલે ૨૪ માર્ચે પાણી મંત્રાલયના નામે પહેલો સરકારી આદેશ જાહેર કર્યો હતો. તેમણે જળ મંત્રી આતિશીને દિલ્હીમાં જ્યાં પાણીની તંગી છે ત્યાં ટેન્કરની વ્યવસ્થા કરવા સૂચના આપી હતી.

## કેજરીવાલે ખાલીસ્તાની જુથો પાસેથી રૂપિયા ૧૩૪ કરોડનું ફંડ મેળવ્યું : પન્નુ

### શરાબનીતિમાં જેલવાસ ભોગવતા કેજરીવાલ પર નવુ સંકટ

નવીદિલ્હી,

શરાબનીતિ કૌભાંડમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહીતના આમ આદમી પાર્ટીનાં અનેક નેતાઓની ધરપકડ થઈ જ છે અને તેનો રાજકીય વિવાદ ચાલી રહ્યો છે.ત્યારે લોકસભાની ચૂંટણીમાં આપ માટે નવુ સંકટ સર્જાવાના એંધાણ હોય તેમ ખાલીસ્તાની નેતા પન્નુએ પાર્ટીને ૧૩૪ કરોડ આપ્યા હોવાનો સનસનીખેજ ખુલાસો કર્યો છે.

ખાલીસ્તાની નેતા ગુરપતવંત પન્નુએ સોશ્યલ મિડિયામાં વિડીયો જાહેર કર્યો છે તેમાં વિવિધ ખાલીસ્તાની જુથોએ ૨૦૧૪ થી ૨૦૨૨ દરમ્યાન આમ આદમી પાર્ટીને ૧૬ મીલીયન ડોલર (અંદાજીત ૧૩૩.૫૪) કરોડ રૂપિયાનુ ફંડ આપ્યુ હોવાનું દાવો કર્યો છે. એટલુ જ નહિં રાજકીય ફંડના બદલામાં દેવીદંરપાલસિંહને સુરક્ષીત છોડી મુકવાની અરવિંદ કેજરીવાલે ઓફર કરી હોવાનો પણ ખુલાસો કર્યો છે. દેવીદરપાલસિંઘ ભુલ્લર ૧૯૯૩ ના દિલ્હી બોંબ ધડાકા કેસમાં સામેલ હતો. આ ઘટનામાં ૯ લોકોનાં મોત થયા હતા અને ૩૧ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અમેરિકા તથા કેનેડાની બેવડી નાગરિકતા ધરાવતાં મૂળ ભારતીય પન્નુ ખાલીસ્તાની નેતા છે અને શીખ ફોર જસ્ટીસ સંગઠનના વડા છે.

## પાકિસ્તાનના નેવલ એર બેઝ પર આતંકી હુમલો

### બલૂચિસ્તાન PNS સિદ્દીકી નેવલ એર સ્ટેશન પર બ્લાસ્ટ અને ફાયરિંગની ઘટનાથી ચકચાર

ઈસ્લામાબાદ,

પાકિસ્તાન પર હુમલાનો સિલસિલો અટકવાનું નામ જ નથી લઈ રહ્યો, હાલમાં બલૂચિસ્તાનના ગ્વાદર પોર્ટ પર આતંકી હુમલો થયો હતો અને હવે બલૂચિસ્તાનમાં સ્થિત પાકિસ્તાનના બીજા સૌથી મોટા નેવલ એર સ્ટેશન પર મોટો હુમલો કરવામાં આવ્યો છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ હુમલો બલૂચિસ્તાનના તુર્બત સ્થિત PNS સિદ્દીકી નેવલ એર સ્ટેશન પર થયો હતો. સશસ્ત્ર લડવૈયાઓએ નેવલ સ્ટેશન પર હુમલો કર્યો હતો. ઘણા વિસ્તારોમાં વિસ્ફોટના અહેવાલો પણ મળ્યા છે. પ્રતિબંધિત સંગઠન બલૂચિસ્તાન- લિબરેશન- આર્મીના માજીદ બ્રિગેડે હુમલાની જવાબદારી લીધી છે. તેમણે કહ્યું છે કે તેમના લડવૈયાઓ એર સ્ટેશનમાં ઘૂસી રહ્યા છે અને અંધાધૂંધ ગોળીબાર કરી રહ્યા છે. મજીદ બ્રિગેડ બલૂચિસ્તાન પ્રાંતમાં ચીનના રોકાણનો સતત વિરોધ કરી રહ્યું છે અને આરોપ લગાવ્યો કે ચીન અને પાકિસ્તાન પર આ ક્ષેત્રના સંસાધનોનું શોષણ કરે છે.

## ભારતે હિન્દ મહાસાગરમાં ઉતાર્યા ૩૫ યુદ્ધ જહાજ

### ચીનની વધતી ગતિવિધિને જોતા ત્રણ દાયકામાં પ્રથમ વખત આટલી મોટી કાર્યવાહી

નવીદિલ્હી,

: હિંદ મહાસાગરમાં ચીનની વધતી ગતિવિધિ અને ચાંચિયાઓના આતંકને જોતા ભારતે મોટું પગલું ભર્યું છે. ભારતે હિંદ મહાસાગર અને તેની આસપાસના વિસ્તારોમાં રેકોર્ડ ૧૧ સબમરીન તૈનાત કરી છે જે પાણીમાં મોટું ઓપરેશન હાથ ધરી છે. આ સાથે ભારતીય નૌકાદળે ૩૫ યુદ્ધ જહાજો પણ તૈનાત કર્યા છે જે સતત દેખરેખ અને પેટ્રોલિંગ કામગીરી કરી રહ્યા છે.

દરિયાઈ વિસ્તારમાં ૫ એરક્રાફ્ટ પણ તૈનાત કરવામાં આવ્યા છે જેથી જરૂર પડ્યે તરત જ હવાઈ મદદ મળી શકે. તાજેતરના વર્ષોમાં ચીને હિંદ મહાસાગર ક્ષેત્રમાં તેની હાજરી મજબૂત કરી છે. વિવિધ પ્રવૃત્તિઓના બહાના હેઠળ ચીન આ વિસ્તારમાં સતત નૌકાદળના જહાજો, સેટેલાઈટ ટ્રેકર્સ અને સબમરીન મોકલી રહ્યું છે. હવે ભારતે પણ પોતાની સ્થિતિ મજબૂત કરવાની દિશામાં એક મોટું પગલું ભર્યું છે.

ભારતીય નૌકાદળે ત્રણ દાયકામાં પ્રથમ વખત કામગીરી માટે એકસાથે ૧૧ પરંપરાગત સબમરીન તૈનાત કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ જમાવટ છેલ્લા બે દાયકામાં ભારતીય સબમરીન ઈતિહાસથી તદ્દન વિપરીત છે. મહત્વનું છે કે, છેલ્લી વખત ૧૯૯૦ ના દાયકાની શરૂઆતમાં ભારતીય સબમરીનને મોટી સંખ્યામાં એકસાથે તૈનાત કરવામાં આવી હતી. તે સમયે ભારતીય નૌકાદળે ૮ રશિયન કિલો-ક્લાસ, ચાર HDW (જર્મન) અને ચાર રશિયન ફોક્સટ્રોટ સબમરીન તૈનાત કરી હતી.

ભારત પાસે હાલમાં ૧૬ પરંપરાગત સબમરીન છે. તેમાં પાંચ સ્કોર્પિયન-ક્લાસ (ફ્રેન્ચ), ચાર HDW (જર્મન) અને સાત કિલો-ક્લાસ (રશિયન) સબમરીનનો સમાવેશ થાય છે.

## મોદી-મોદીના નારા લગાવનારા યુવાઓને થપ્પડ મારવી જોઈએ

### કર્ણાટકના મંત્રી અને કોંગ્રેસ નેતા શિવરાજ એસ તંગદાગીનું વિવાદિત નિવેદન

બેંગ્લુરૂ,

ચૂંટણી પ્રચાર દરમિયાન કર્ણાટકના મંત્રી અને કોંગ્રેસ નેતા શિવરાજ એસ તંગદાગીએ પીએમ મોદી પર પ્રહાર કર્યા છે. કર્ણાટકના મંત્રીએ એક જનસભામાં બોલતા કહ્યું કે પીએમ મોદીએ બે કરોડ નોકરીઓનો વાયદો કર્યો હતો. શું તેમણે આપી? તેમણે શરમ આવવી જોઈએ, તેમના જે યુવા સમર્થક ‘મોદી-મોદી’નો નારો લગાવે છે, તેમણે થપ્પડ મારવી જોઈએ.કર્ણાટકના કોપ્પલ જિલ્લાના કરાતગીમાં કોંગ્રેસ કાર્યકર્તાઓની એક બેઠકને સંબોધિત કરતા કોંગ્રેસ નેતા શિવરાજ એસ તંગદાગીએ કહ્યું કે, છેલ્લા ૧૦ વર્ષથી બધુ જૂઠના આધાર પર ચલાવવામાં આવ્યું, માટે તેમણે લાગે છે કે તે આગામી પાંચ વર્ષ સુધી મૂરખ બનાવી શકે છે. પીએમ મોદીએ ભારતમાં ૧૦૦ સ્માર્ટ શહેરોનો વાયદો કર્યો હતો. તે ક્યાં છે? એકનું નામ જણાવો, તે સ્માર્ટ છે, સારા કપડા પહેરે છે, તે સ્માર્ટ ભાષણ આપે છે. તે પોતાનો પહેરવેશ બદલતા રહે છે, પછી તેમનું એક સ્ટંટ સામે આવે છે, તે દરિયાની ઊંડાઈમાં જતા રહે છે અને ત્યાં પૂજા કરે છે.

## ગુજરાતમાં બંધ થયેલી સી-પ્લેન સર્વિસ ફરી થશે શરૂ

અમદાવાદ,

ગુજરાતમાં સાબરમતી રિવર ફ્રન્ટ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચે સી-પ્લેન સર્વિસ ને ફરીથી શરૂ કરવાની યોજનાઓ બનાવવામાં આવી રહી છે, જે ઑક્ટોબર ૨૦૨૦માં શરૂ થઈ હતી અને એપ્રિલ ૨૦૨૧માં બંધ થઈ ગઈ હતી.

આ સેવા ફરી શરૂ કરતા પહેલા તેના બંધ થવાના તમામ પાસાઓ પર વિચાર કરવામાં આવી રહ્યો છે જેથી તે ફરીથી બંધ ન થાય. આ માટે માલદીવ, કેનેડા, ન્યુઝીલેન્ડ અને અન્ય દેશોમાં સી પ્લેન સર્વિસ આપતી કંપનીઓ સાથે વાતચીત કરવામાં આવશે. જ્યાં આજે પણ સી પ્લેન સેવા ખૂબ જ લોકપ્રિય છે.સી-પ્લેન સર્વિસ અંગે માહિતી આપતા, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે વાસ્તવમાં ભારતમાં સી-પ્લેન સેવા ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ ના રોજ ગુજરાતમાં સાબરમતી રિવર ફ્રન્ટ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચે શરૂ કરવામાં આવી હતી.

## ટીબી સામે વિશ્વની પ્રથમ વેકસીનનો ભારતમાં માનવ પરિક્ષણનો પ્રારંભ

### બીસીજી ૧૦૦ વર્ષની થઈ, અસરકારકતા ઘટી

નવીદિલ્હી,

ટ્યુબરકલોસિસ.... એટલે કે આપણે જેને ક્ષય-રોગ તરીકે ઓળખીએ છીએ અને તેને શ્વેત મૃત્યુ તરીકે પણ ઓળખવામાં આવે છે તેના કારણે ખાસ કરીને થતા મૃત્યુ એ ભારત માટે ચિંતાનું કારણ બની ગયા છે તે સમયે કોરોના કાળમાં જાણીતી થયેલી હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક દ્વારા વિશ્વની પ્રથમ માઈક્રોબેકટેરીયલ ટ્યુબરકલોસીસ વેકસીન જેને MTBXAC તરીકે ઓળખવામાં આવે છે તેની કલીનીકલ ટ્રાયલ શરૂ કરી છે.

ભારત બાયોટેક ફાર્મા કંપની બાયોફેબ્રી સાથે આ માટે સહયોગ કર્યા છે. ભારતમાં અને વિશ્વમાં હાલ ટીબી સામે સુરક્ષા આપે તેવી કોઈ વેકસીન નથી. દેશમાં હાલ બાળકોને બીસીજીની રસી આપવામાં આવે છે પણ તે એક તબકકે ટીબી સામે પુરી રીતે અસરકારક નથી અને ખાસ કરીને યુવા વયે આપી શકાય તેવી વેકસીન બનાવવી જરૂરી બની ગયું હતું.

## બિલિયોનર્સમાં બિજીંગને પાછળ રાખી દેતું મુંબઈ

### પ્રથમ વખત ભારતના કોઈ મહાનગરમાં ૯૨ અબજોપતિઓ નોંધાયા

મુંબઈ,

ભારત એ હવે બિલીયોનર્સ કલબમાં પણ વિશ્રવના અનેક દેશોને હંફાવી રહ્યું છે. દેશમાં એક તરફ દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૨૫ કરોડથી વધુ લોકોને ગરીબી રેખાથી બહાર કાઢવામાં સફળતા મળી છે તેમ હવે દેશમાં ધનવાનોમાં પણ વધુ ધનવાન બનવાની સ્પર્ધા છે તે સમયે એશિયન ટાઈગર તરીકે ભારત એ ચાઈનીઝ ડ્રેગનને પણ બીલીયોનર્સ મોરચે પડકારી રહ્યું છે.

હાલમાં જ પ્રસિદ્ધ થયેલ એક રિપોર્ટ મુજબ ચીનમાં ૪૧૪ બિલીયોનર્સ છે તેની સામે ભારતમાં હજુ ૨૧૭ બિલિયોનર્સ છે પણ જો બન્ને દેશના વ્યાપારી પાટનગરની વાત કરો તો મુંબઈમાં બિલીયોનર્સ મોરચે બિજિંગને પાછળ રાખી દીધુ છે. મુંબઈ એ ભારતનું વ્યાપારી પાટનગર છે. એક સમયે કહેવાતું કે દોરી-લોટો લઈને મુંબઈ આવેલા અનેક અબજોપતિ બની ગયા છે તે હજું પણ ચાલુ છે.

લેટેસ્ટ આંકડા મુજબ મુંબઈ લેટેસ્ટ આંકડા મુજબ મુંબઈમાં ૯૨ બિલીયોનર્સ વસે છે જેની સામે ચીનના પાટનગર બિજિંગમાં ૯૧ બિલિયોનર્સ વસે છે. જો કે આ અબજોપતિઓની વાત છે. ન્યુયોર્ક ૧૧૯ અને લંડન ૯૭ બિલિયોનર્સ સાથે પ્રથમ બે ક્રમાંકે છે. મુંબઈમાં ૯૨ અને બિજીંગમાં ૯૧ તો શાંધાઈમાં ૮૭ શેનઝેનમાં ૮૪ તથા હોંગકોંગમાં ૬૫ બિલિયોનર્સ વસે છે.

આમ આ સાતમાં ચાર તો ચાઈનાજ છે. જો બીજીંગને પાછળ રાખવામાં મુંબઈમાં હાલમાં જ ૨૬ નવા બિલિયોનર્સ નોંધાયા તેણે આ સરસાઈ બનાવી છે. બિજીંગમાં નવા ૧૮ બિલિયોનર્સ બન્યા છે. મુંબઈમાં જે ૯૨ બિલિયોનર્સ છે તેની કુલ સંપતિ ૪૪૫ બીલીયન ડોલરની છે જે ગત વર્ષ કરતા ૪૭% વધી છે.

બિજીંગના બિલિયોનર્સની સંપતિ ૨૬૫ બિલિયન ડોલર છે જે ખરેખર ૨૮% ઘટી છે. ચીનમાં જે રીતે રીયલ એસ્ટેટ સહિતના ક્ષેત્રે જબરી મંદી છે અને આ દેશનું અર્થતંત્ર હચમચી ગયુ છે તેનું આ કારણ છે. તેની સામે ભારતમાં જે રીતે સૌથી ઝડપથી આગળ વધતી ઈકોનોમી છે તેનો ફાયદો મળ્યો છે. તેઓ વનર્જી- ફાર્મા અને રીયલ એસ્ટેટનો ફાળો સૌથી મોટો છે. રીયલ એસ્ટેટમાં લાંદા ફેમીલીએ તેની સંપતિમાં ૧૧૬%નો મોટો વધારો આ વર્ષે જોયો છે તો વૈશ્વિક અબજોપતિઓની યાદીમાં રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના મુકેશ અંબાણી મજબૂત રીતે તેમના સ્થાને રહ્યા છે. તેઓ ૧૦માં સ્થાને છે. હીડનબર્ગ સહિતનામાં પણ સહન કરીને પણ ગૌતમ અદાણીએ તેમની પોઝીશન ફરી મેળવી છે અને તેઓ હાલ ૧૫માં સ્થાને છે.

એસસીએલના શિવ નાદર અને તેનું ફેમીલી ઉપરાંત કોરોનાની વેકસીનથી જાણીતા બનેલા સાયરસ પુનાવાલામાં વિરોધાભાસ જોવા મળ્યો છે. નાદર ૧૬ સ્ટેપ ઉપર આવીને ૩૪માં સ્થાને તો પુનાવાલા ૯ સ્ટેપ નીચા ગયા અને ૫૫માં સ્થાને છે. સનફાર્માના દિલીપ સંઘાણી ૬૧માં સ્થાને, ડી-માર્ટના રાધાક્રિષ્ન દામાણી ૭૧માં સ્થાને અને આદિત્ય બિરલા ગ્રુપના કુમાર મંગલમ બિરલા ૧૦૦માં સ્થાને રહ્યા છે તેઓ પ્રથમ વખત હન્ડ્રીડ કલબમાં સામેલ થયા છે.

# ગુજરાત રંગાયુ રંગપર્વના રંગે : રચાયું ઉમંગનું ઈન્દ્રધનુષ

અમદાવાદ
સોમવારે સમગ્ર ગુજરાત ધુળેટીના રંગે રંગાઈ ગયું છે. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા સહિતનાં મહાનગરોનું યુવાધન ડીજેના તાલે ઝૂમી ઊઠ્યું હતું. નાના -મોટા સૌ કોઈ એકબીજાને રંગ લગાવી ધુળેટીની મજા માણી હતી. ડીજેના તાલે ક્યાંક ડાન્સ તો ક્યાંક લોકોએ ગરબા રમી મોજ માણી હતી. છેક રાત સુધી લોકોનો ઉત્સાહ અવિરત જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર લોકસભા પરિવાર આયોજિત ધુળેટી મહોત્સવમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હાજર રહ્યા હતા. ભૂપેન્દ્ર પટેલ અને અમિત શાહે એકબીજાને રંગ લગાવી કાર્યકરો સાથે ધુળેટીની ઉજવણી કરી હતી.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ આજે રાજભવનમાં લેડી ગવર્નર દર્શનાદેવી અને રાજભવન પરિવારના બાળકો સાથે ધુળેટીની ઉજવણી કરી હતી. કુદરતી ફૂલોમાંથી બનેલા પ્રાકૃતિક રંગોથી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સૌને રંગ્યા હતા. રંગોના આ ઉત્સવે રાજ્યપાલે સૌને પ્રકૃતિ તરફ પાછા વળવાનો સંદેશ આપ્યો હતો. આ સાથે રસાયણમુક્ત કૃષિ-પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવીને સ્વસ્થ, નિરોગી અને પ્રસન્ન જીવનની શુભકામનાઓ પાઠવી હતી. રાજભવનમાં ધુળેટી પર્વની ઉજવણી દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને રાજભવન પરિવારના બાળકોએ રંગોથી રંગ્યા હતા. સૌએ રાજસ્થાની હોળી ગીતોની પણ મજા માણી હતી.



## સાબરકાંઠા બેઠક પર ભાજપે બીજી વાર ઉમેદવાર બદલવા પડે તેવી સ્થિતિ !

### ભીખાજી બાદ શોભનાબેન બારૈયાનો વિરોધ : કાર્યકર્તાઓએ સોશિયલ મીડિયામાં એક્ટિવ થઈ અને વિડિયો વાયરલ કર્યા

સાબરકાંઠા
સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપે ઉમેદવાર બદલીને થોડા મહિનાઓ પહેલા જ કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા પ્રાંતિજના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના પત્ની શોભનાબેનને ટિકિટ આપતા ભાજપના વર્ષો જૂના અને સંનિષ્ઠ કાર્યકર્તાઓમાં હવે રોષ જોવા મળ્યો છે અને આ કાર્યકર્તાઓ હવે સોશિયલ મીડિયામાં એક્ટિવ થઈ અને વિડિયો વાયરલ કર્યા છે.

સાબરકાંઠા લોકસભાની ટિકિટને લઈને છેલ્લા કેટલાક સમયથી ઉથલપાથલ જોવા મળી રહી હતી ત્યારે ભાજપે પહેલા ભીખાજી ઠાકોરને ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા હતા. પરંતુ બાદમાં ભિખાજીની અટકને લઈ પત્રિકા વાઈરલ થયા બાદ ભાજપમાં આંતરિક વિખવાદ ઊભો થયો હતો અને તેને લઈને ભાજપ મોવડીમંડળે વડોદરા અને સાબરકાંઠા લોકસભાના ઉમેદવારોને બદલવાનો નિર્ણય લીધો અને બંને બેઠક પર નવા ઉમેદવારો પણ જાહેર કરી દીધા છે. ભાજપ દ્વારા પ્રાંતિજના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા જેઓ કેટલાક મહિનાથી ભાજપમાં જોડાયા છે તેમનાપત્ની શોભનાબેન બારૈયાને ટિકિટ આપતા ભાજપના જૂના અને સંનિષ્ઠ કાર્યકર્તાઓ જેઓ ૧૯૯૪થી ભાજપ સાથે જોડાયેલા છે તેવા કાર્યકર્તાઓમાં ભારોભાર નારાજગીરી જોવા મળી રહી છે.

## વિદ્યાર્થિનીએ હોસ્ટેલના ટેરેસ પરથી લગાવી છલાંગ આપઘાતનું કારણ અકબંધ

ગાંધીનગર
ગાંધીનગરની ખ્યાતનામ પંડિત દિનદયાળ એનર્જી યૂનિવર્સિટીમાં બીટેકનો અભ્યાસ કરતી આશાસ્પદ યુવતીએ વહેલી પરોઢિયે ઔરંગાબાદ રહેતી માતા સાથે ટેલીફોનીક વાતચીત કર્યા પછી કોઈ કારણસર ટેરેસનાં ધાબા પરથી મોતની છલાંગ લગાવી આત્મહત્યા કરી લીધી હતી. જેથી ચકચાર મચી ગઈ છે. આ બનાવના પગલે હાલમાં ઈન્ફોસિટી પોલીસે ઘટનાસ્થળે પહોંચી આપઘાતનું ચોક્કસ કારણ જાણવા માટે ઘનિષ્ઠ તપાસનો દોર શરૂ કર્યો છે.

ગાંધીનગરનાં રાયસણ સ્થિત ખ્યાતનામ પંડિત દિનદયાળ એનર્જી યૂનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલના ટેરેસ પરથી આજે વહેલી સવારે આશાસ્પદ યુવતીએ પડતું મુકી આપઘાત કરી લીધો છે. મૂળ મહારાષ્ટ્રના ઔરંગાબાદનાં નગરી બાય પાસ રોડ, મીરાગાંવે, રો હાઉસ નંબર - ૧૧ ખાતે રહેતા ભગવાનભાઈ શંકરભાઈ ગુપ્તેની ૨૦ વર્ષીય દિકરી પાયલ PDEU ખાતે બી. ટેકનો અભ્યાસ કરતી હતી.

## ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ કંટાળી ગયા છે - શક્તિસિંહ ગોહિલ

### કાર્યકર્તાઓ કહે છે અમારે ફક્ત ગાભા જ મારવાના છે, શું અમે ગાભા પાર્ટી છીએ...?

અમદાવાદ
લોકસભાની ચૂંટણીઓ જેમ જેમ નજીક આવી રહી છે, ત્યારે રાજકીય પક્ષો એકબીજા પર આક્ષેપબાજી કરી રહ્યા છે. ત્યારે આજે સુરેન્દ્રરનગરના વઢવાણથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. મીડિયા સાથેની વાતચીતમાં શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ભાજપે કામના નામે કારનામાં જ કર્યા છે. હવે તો ખુદ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ જ કંટાળી ગયા છે. જેઓ કહે છે કે અમારે ફક્ત ગાભા જ મારવાના છે, શું અમે ગાભા પાર્ટી છીએ...?

સુરેન્દ્રનગરના વઢવાણ ખાતે પૂર્વ ધારાસભ્ય નંદકિશોરભાઇ દવેના આકસ્મિક નિધન બાદ એમનાં પરિવારજનોને સાંત્વના આપવા આવેલા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે મીડિયા સાથેની વાતચીતમાં ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. એમણે જણાવ્યું હતું કે, ભાજપે બે કરોડ નોકરીઓ દર વર્ષે આપવાની ગેરંટી આપી હતી. એમને નોકરીઓ માટેનો ભરતી મેળો કરવો જોઈએ એ તો થતો નથી, કામના નામે કારનામાં કર્યાં છે.

## હું ભાજપમાં છું અને રહેવાનો છું, મારા વિશે ચાલતી વાતો ખોટી છે- જવાહર ચાવડા

### કોંગ્રેસમાં જોડાવા અંગે માણાવદરના પૂર્વ ધારાસભ્ય જવાહર ચાવડાની પ્રતિક્રિયા

અમદાવાદ
એવું કહેવામાં આવી રહ્યું છે કે ભાજપના નેતા જવાહર ચાવડા ફરી કોંગ્રેસનો હાથ પકડી શકે છે. માણાવદરના પૂર્વ ધારાસભ્ય જવાહર ચાવડાની ચૂંટણી કેમ્પેઈનમાં ગેરહાજરી ચર્ચાનો વિષય બન્યો છે. જવાહર ચાવડા પૂર્વ ધારાસભ્ય અરવિંદ લાડાણીના પક્ષપ્રવેશ વખતે પણ ગેરહાજર હોવાથી તર્કવિતર્ક શરૂ થયા છે. સાથે જ ચર્ચા તો એવી પણ છે કે જવાહર ચાવડાને ફરી કોંગ્રેસમાં લાવવા નેતાઓનું એક જૂથ સક્રિય થયું છે.

જવાહર ચાવડા માણાવદરથી ૨૦૧૭માં ચૂંટાયા પછી ૨૦૧૯માં રાજીનામુ આપીને ભાજપમાં જોડાયા હતા. બાદમાં ૨૦૧૯માં પેટાચૂંટણી ભાજપમાંથી જીત્યા અને ૨૦૨૨માં કોંગ્રેસના અરવિંદ લાડાણી સામે હાર્યા હતા.

## ભક્તોનો ભગવાન સાથે રંગોનો પર્વ : દર્શન કરી પાવન બન્યા



હોળી ફાગણી પૂનમે પ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર, ડાકોર, દ્વારકા અને શામળાજીમાં ભક્તોની ચિક્કાર ભીડ જોવા મળી. ડાકોર અને દ્વારકામાં ફુલડોલોત્સવનું ભવ્ય ઉજવણી કરાઈ. તો સાળંગપુર ધામમાં ૫૧ હજાર કિલોથી વધુ રંગોથી રંગોત્સવ મનાવાયો. તો શામળાજી મંદિરમાં પણ ભક્તો પ્રભુના દર્શન કરી પાવન બન્યા.

## પાસાના આરોપીને છોડાવવા ચાર ઈસમોનો પોલીસ પર હુમલો

### આરોપી ઝાકીર જુમ્મા મુલતાનીને પોલીસે ઝડપી પાડ્યો

અમદાવાદ
માંગરોળ તાલુકાના ઝંખવાવ ગામેથી ઝડપાયેલા પાસાના આરોપી ઝાકીર જુમ્મા મુલતાનીને છોડાવવા માટે આરોપી સાથે ચાર ઈસમોએ પોલીસ પર હુમલો કરી સરકારી કામમાં રૂકાવટ કરવાનો પ્રયાસ કર્યો હતો.

સાંજના આશરે પોણા સાત વાગેના સુમારે ઝંખવાવ ચાર રસ્તા ખાતે ઝંખવાવ પોલીસ મથકના એએસઆઈ કિરણભાઈ રમણભાઈ હાજર હતા. તે દરમ્યાન તેમને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે અનેક ગુનાનો નાસતો ફરતો આરોપી ઝાકીર જુમ્મા મુલતાની તેના ઘરે ઝંખવાવ ગામે આવેલ છે. જેના આધારે ઉપરોક્ત સ્થળે પોલીસે રેડ કરતા ઈસમ ઝાકીર જુમ્મા મુલતાનીએ પોલીસને જોતા પોતાના ઘરેથી નાસવા લાગ્યો હતો.

## ૧૨ મહિનામાં એસીબીએ ૧૭૫ ભ્રષ્ટ અધિકારી- કર્મીઓ, ૧૦૮ વચેટિયાને પકડયાં

### ગૃહ વિભાગમાં સૌથી વધુ ૬૬,શહેરી વિકાસમાં ૨૦ અને શિક્ષણ વિભાગમાં ૯ કેસ


અમદાવાદ
ભ્રષ્ટાચાર મુક્ત ભારત અને પારદર્શક વહિવટની વાતો વચ્ચે આજે પણ રાજ્ય અને કેન્દ્ર સરકાર હસ્તકના અનેક વિભાગો ભ્રષ્ટ અધિકારી - કર્મચારીઓથી ખદબદી રહ્યાં છે. જેમાં ગૃહ વિભાગથી લઈ પંચાયત, મહેસુલ વિભાગ અને શહેરી વિકાસ - શહેરી ગૃહ નિર્માણ વિભાગનો પણ સમાવેશ થાય છે .શિક્ષણ વિભાગને પણ ભ્રષ્ટાચારીઓએ અભડાવ્યો છે. લોકોને કામ માટે વારંવાર ધક્કા ખવડાવી અંતે લાંચની માંગણી કરતાં રાજ્ય અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગના ૧૭૫ ભ્રષ્ટ અધિકારી - કર્મચારીઓ ઉપરાંત વચેટિયાની ભૂમિકા ભજવતાં ૧૦૮ ખાનગી વ્યક્તિઓને ગત વર્ષ ૨૦૨૩માં એન્ટી કરપ્શન બ્યૂરોએ ઝડપી પાડયા હતા. આ લાંચિયાઓમાં ૭ ક્લાસ વન અને ૨૦ ક્લાસ - ટુ અધિકારીઓ પણ સામેલ છે.

રાજ્ય સરકારે પારદર્શક વહીવટના ભાગરૂપે ઓનલાઈન સિસ્ટમ પર ભાર મૂક્યો છે. જેથી લોકોના કામ સરકારી કચેરીમાં ગયા વગર ઘરે બેઠા પણ થઈ શકે, પરંતુ અનેક કામો એવા છે.

કે, સરકારી કચેરીમાં ગયા વગર થતાં જ નથી. લોકોના કામ એક ધક્કામાં થઈ જશે, તેવી પણ વાતો કરાય છે, પરંતુ અનેક સરકારી કચેરીઓમાં આજે પણ ચંપલ ઘસાઈ ગયા બાદ પણ કામ થતાં નથી. લોકો સરકારી કચેરીઓમાં આટાફેરા મારી કંટાળી જાય છે.

## મુખ્યમંત્રીએ અરવલ્લીમાં સ્વામિનારાયણ ભક્તો માટે ધ્યાન સંકુલનું કર્યું શિલાન્યાસ

અમદાવાદ
આજરોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલેઅરવલ્લી જિલ્લાની મુલાકાત કરી હતી. અરવલ્લી જિલ્લામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સ્વામિનારાયણના ધ્યાન સંકુલનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. આ ધ્યાન સંકુલ ૩૦૦ વીઘા જમીનમાં ભવ્ય રીતે નિર્માણ કરવામાં આવશે. આ સંકુલમાં એકસાથે ૫૦ હજાર હરિભક્તો ધ્યાનમાં બેસી શકશે. તો સ્વામિનારાયણધ્યાન સંકુલ મોડાસાના રાહીયોલમાં નિર્માણ



કરાશે. તે ઉપરાંત આજરોજ યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હસ્તે સ્વામિનારાયણસંપ્રદાય દ્વારા અનાદિમુક્ત વિશ્વમધામનું ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત મુખ્યમંત્રી પૂજાવિધિમાં જોડાયા હતા.

## હવે અમૂલ દૂધ પીતા હે અમેરિકા, ૧૦૮ વર્ષ જૂની ડેરી સાથે ડીલ ડન કરી

અમદાવાદ
અમેરિકામાં ભારતીય ડેરી બ્રાન્ડની આ પ્રથમ એન્ટ્રી છે. અમૂલ બ્રાન્ડ, જે ભારતમાં દરરોજ લાખો લિટર તાજા દૂધનો સપ્લાય કરે છે, તે હવે અમેરિકામાં પણ તેની સ્વાદ અને ગુણવત્તાનો લોકોને અહેસાસ અપાવશે.

અમુલ બ્રાન્ડનું સ્લોગન છે કે 'અમૂલ દૂધ પીતા હે ઈન્ડિયા.. પરંતુ આ સ્લોગન હવે ઘણું વધારે વ્યાપક બનવા જઈ રહ્યુ છે.. કારણ કે હવે માત્ર ભારત જ નહીં પરંતુ અમેરિકા પણ અમુલનું દૂધ પીશે. આ સાથે અમૂલ બ્રાન્ડના માલિક ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશને પણ નવો ઈતિહાસ રચ્યો છે. અમેરિકામાં ભારતીય ડેરી બ્રાન્ડની આ પ્રથમ એન્ટ્રી છે. અમૂલ બ્રાન્ડ, જે ભારતમાં દરરોજ લાખો લિટર તાજા દૂધનો સપ્લાય કરે છે, તે હવે અમેરિકામાં




પણ તેના સ્વાદ અને ગુણવત્તાનો લોકોને અહેસાસ કરાવશે. અમૂલ બ્રાન્ડ અહીં તાજા દૂધના સેગમેન્ટમાં કામ કરશે.

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશને અમેરિકામાં અમૂલ બ્રાન્ડનું દૂધ વેચવા માટે અમેરિકાની ૧૦૮ વર્ષ જૂની ડેરી 'મિશિગન મિલ્ક પ્રોડ્યુસર્સ એસોસિએશન' સાથે કરાર કર્યો છે.

## ચાર શહેરોનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર

### ભુજ સૌથી ગરમ શહેર બન્યું

અમદાવાદ
ઉનાળીની શરૂઆત થતા જ ગરમીનું પ્રમાણ વધ્યું છે. લોકો બપોરના સમયે નિકળતા પહેલા વિચારી કરી રહ્યા છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમી વધી છે. ત્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં ૪ દિવસ હીટવેવની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં ભુજ સૌથી ગરમ શહેર બન્યું છે. રાજ્યના એવા ૪ શહેરો કે જેમા મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. વળી આવતા બે દિવસમાં ગરમીનો પારો હજુ વધવાની શક્યતા છે.




## ૩૦% નફો કમાવવાની લાલચ આપી સાયબર ગઠિયા તમારું બૈંક એકાઉન્ટ સફાચટ કરી દેશે

### AIથી ટ્રેડિંગ, ટાસ્કના નામે ઠગાઈ : વોલેટમાં પૈસા હશે પણ ઉપાડી નહીં શકો

અમદાવાદ
સોશિયલ મીડિયા વાપરતા હોય તો સાવધાન થઈ જજો. અત્યારે સાયબર ઠગો ખૂબ જ એક્ટિવ છે. પાર્ટ ટાઈમ જોબ અને ઈન્વેસ્ટમેન્ટ માટેના ટાસ્ક આપીને ૩૦ ઘણો નફો કમાવવાની લાલચ આપશે અને પછી તમારી પાસેથી લાખો-કરોડો રૂપિયા પડાવી લેશે. તમે રૂપિયા લાખો રૂપિયા કમાયા હોવાનું તમારા વોલેટમાં દેખાશે પણ ખરું. પરંતુ, તે રૂપિયા તમારા એકાઉન્ટમાં ટ્રાન્સફર નહીં કરી શકો અને મોડે મોડે તમે છેતરાઈ ગયા હોવાની તમને ખબર પડશે. વડોદરા શહેરમાં દર મહિને ૬૦ જેટલા લોકો ટાસ્ક ફ્રોડ થયા બાદ સાયબર ક્રાઈમ પોલીસની મદદ લે છે.


સાઈબર ગઠિયાઓ તમને સોશિયલ મીડિયા મારફતે પાર્ટટાઈમ જોબ અને ઈન્વેસ્ટમેન્ટ કરવા માટેના મેસેજ મોકલે છે, જેમાં તમારા દ્વારા સહમતિ આપ્યા બાદ તમને લિંકમાં સબસ્ક્રાઈબ કરવાનું જણાવીને દિવસના ૨૦ ટાસ્ક આપવામાં આવે છે, જેમાં પ્રથમ ૧૬ ટાસ્કના રૂપિયા ૫૦ લેખે તમને મળશે. તેમ જણાવવામાં આવે છે અને અન્ય ચાર ટાસ્ક પ્રિપેડ ટાસ્ક આપવામાં આવે છે. જે ટાસ્ક કરતાં પહેલા તમને તમારા પર્સનલ ડેટા ફીલઅપ કરવાનું કહેવામાં આવે છે અને તમને સેલેરી વેરિફિકેશન કોડ આપવામાં આવે છે. જે કોડ મારફતે તમને ૧૦૦૦, ૩૦૦૦ અને ૫,૦૦૦ રૂપિયાના ટાસ્ક આપવામાં આવે છે અને જેમાં આશરે ૪૦% જેવું વળતર પ્રથમવાર આપવામાં આવે છે. બાદમાં તમને એક ટેલિગ્રામ ગ્રુપમાં એડ કરવામાં આવે છે.

તમને ટાસ્ક સમજાવી તમારી બેંક એકાઉન્ટ ડિટેઈલ મેળવી તમારા શરૂઆતના ટાસ્કના રૂપિયા તમારા બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી તમને લલચાવીને તમને મોટા ટાસ્ક આપવામાં આવે છે અને તમને એક યુપીઆઈ આઈડી આપી તે ટાસ્કના પૈસા જમા કરવા કહેવામાં આવે છે અને તમને એક વેબસાઈટની લિંક અને ઈન્વિટેશન કોડ આપી તમને ઈ-મેઈલ આઈડી પાસવર્ડ નાખીને આ વેબસાઈટમાં ક્રિપ્ટો ટ્રેડિંગ એકાઉન્ટમાં જોઈન કરવાનું જણાવી સ્ક્રિનશોટ મોકલવાનું જણાવવામાં આવે છે.

તમને ક્રિપ્ટોમાં ટ્રેડિંગ કરવા માટેના ટાસ્ક આપવામાં આવે છે. જે ટાસ્કમાં ૧૮૦ સેકન્ડમાં ટાસ્ક પૂરો કરવાનો હોય છે અને કમ્પલસરી ટાસ્ક પૂર્ણ કરવાનો કહેવામાં આવે છે અને સમય મર્યાદામાં ટાસ્ક પૂર્ણ નહીં કરો તો તમને પૈસા નહીં મળે તેમ જાળ ફસાયેલાને જણાવવામાં આવે છે. એક ટાસ્ક પૂર્ણ કરો પછી બીજા ટાસ્કની રકમ વધારતા જાય છે અને જોતજોતામાં તમે મોટી રકમ ગુમાવી બેસો છો અને તે રકમ તમને પરત આપતા નથી. આમ સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ કરવામાં આવે છે.

# સાળંગપુર કષ્ટભંજન દેવના સાનિધ્યમાં યોજાયો દિવ્ય રંગોત્સવ, ૧ લાખથી વધુ ભાવિકો જોડાયા







ભાવનગર, તા.૨૬

સુપ્રસિદ્ધ સાળંગપુરધામ કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે હોળી-ધુળેટી પર્વ નિમિત્તે ગુજરાતના સૌથી મોટા રંગોત્સવ અંતર્ગત સપ્તધનુષ્યના રંગની થીમ ઉપર સાત કલરના ૫૧,૦૦૦ કીલો રંગો દ્વારા દિવ્ય રંગોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ રંગોત્સવની વિશેષતાની વાત કરીએ તો.દાદાને હોળી-ધૂળેટીના દિવસે વિશેષ ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો.

સવારે ૭:૩૦ થી ૧૧ દરમિયાન મંદિરના પરિસરમાં શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામી અને કોઠારી વિવેકસાગર સ્વામી સહિતના સંતો અને ૧ લાખથી વધુ ભક્તો એકસાથે દાદાની સંગાથે રંગે રંગાયા હતા.૭ પ્રકારના ૫૧ હજાર કીલો રંગ દાદાને અર્પણ કરાયા, આ સપ્ત ધનુષના ઓર્ગેનિક રંગો ડાયરેક્ટ કલરની ફેક્ટરી ઉદયપુરથી મંગાવવામાં આવ્યા હતા. દાદાને રંગ ધરાવીને ભક્તો પર સંતો દ્વારા છંટકાવ કરવામાં આવ્યા હતા.મંદિર પરિસરમાં ૭૦ થી ૮૦ ફૂટ ઊંચા કલરના ૪૦૦ બ્લાસ્ટ કરાયા, તો ૨૦,૦૦૦ કિલો કલરને એર પ્રેશર મશીનથી હવામાં ઉડાવાયો.આ હોળીને વધારે મનોરંજક બનાવવા માટે ૬૦ ઢોલીઓ નાસિક ઢોલના તાલે ધૂમ મચાવી અને ભક્તો હોળી રમ્યા બાદ રાસની રમઝટ બોલાવી- સંતોના સાનિધ્યમાં ભવ્ય રંગોત્સવ ઉજવાયો.દાદા સમક્ષ વિવિધ રંગ, પિચકારી પણ મૂકવામાં આવી.આ રંગોત્સવના મુખ્ય આકર્ષણની વાત કરીએ તો મંદિર પરિસરમાં ૪૦૦ જેટલા સપ્તધનુષ્યના રંગની થીમ ઉપર કલર બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા અને એ લગભગ ૭૦ થી ૮૦ ફૂટ જેટલા ઊંચા ગયા હતા અને મંદિર પ્રાંગણમા રહેલા તમામ ભક્તો પર એ બ્લાસ્ટ દ્વારા કલર ઉડાડી હોળીનું દાદાના પ્રાંગણમાં - દાદાના સાનિધ્યમાં સંતો અને ભક્તો સાથેનો ભવ્ય સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું.

હોળીના પવિત્ર અવસર પર કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજને દિવ્ય રંગોના શણગાર અને મુખ્ય મંદિરને ફુલોથી પરિસરને કલરફુલ કાપડથી ડેકોરેશન કરવામાં આવ્યુ હતું. ગુજરાતના સૌથી મોટા હોળી ઉત્સવનું સેલિબ્રેશન કરવા માટે દાદાના ભક્તો યુવાનો - યુવતીઓ, ભાઈઓ - બહેનો, નાના બાળકોથી માંડી વડીલ વૃદ્ધ સુધી ગુજરાત ભરમાંથી એવમ્ રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને વિદેશથી પણ દાદા સંગે - સંતોને સંગે હોળી સેલિબ્રેશન માટે એક લાખથી વધુ ભક્તો એક સાથે દાદાના રંગે રંગાયા હતા.

## ૫૧ હજાર કીલો વિવિધ કલરના ૭૦ ફુટ ઉંચા ૪૦૦ બ્લાસ્ટ બન્યા આકર્ષણરૂપ

# આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજય સમાન હોલીકાનુ શહેરમાં ઠેરઠેર દહન








ભાવનગર, તા.૨૬

દર વર્ષની જેમ આ વર્ષે પણ આસુરી વૃત્તિઓ ઉપર દૈવી શકિતના વિજયના પ્રતિક સમાન તેમજ પરિવારજનો, મિત્રવર્તુળ સહિતના સ્વજનોને એકસૂત્રમાં બાંધતા અનોખા હોલીકા પર્વની ગોહિલવાડમાં રવિવારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. ભાવનગર શહેર અને જિલ્લામાં આ વર્ષે પણ રવિવારે ઠેર-ઠેર શેરીઓ અને મહોલ્લાઓ, ચોક, સાર્વજનિક ખુલ્લા પ્લોટમાં હોળીના આયોજન કરાયા હતા.રવિવારે સવારથી જ મોટા ભાગના મંડળોના કાર્યકરો દ્વારા હોળીકા પ્રાગટય નિમીત્તે સુશોભન, ઉંચાઈવાળી છાણા, લાકડાઓ સાથેના શણગાર સહિતની તૈયારીઓ હાથ ધરાઈ હતી. ભાવનગર શહેરમાં કણબીવાડ, વડવા, પાનવાડી ચોક, દરબારી કોઠાર, સ્ટેશન રોડ, ભગાતળાવ, ગૌરીફળીયુ, આનંદનગર, સુભાષનગર, ભરતનગર, કાળીયાબીડ, આતાભાઈ ચોક, વાઘાવાડી રોડ પર ફિલ્ટ્રેશન પ્લાન્ટ પાસે, ઘોઘાસર્કલ સહિતના સ્થળોએ મળી અનેક સ્થળોએ નાની - મોટી હોલીકા પ્રાગટય કરાયુ હતુ. રવિવારે મોડી સાંજે શુભ મુર્હૂતે હુતાશણી પ્રગટાવાઈ હતી.આ સાથે સ્થાનિક ભાવિકો ખાસ કરીને નવવિવાહીતો, નવયુગલો, ભાવ અને ભકિતમય માહોલમાં દૂધ અને જળની ધારાવહી કરતા પ્રદક્ષિણા ફરી હતી. ભાવીકો દ્વારા શ્રીફળ, ધાણી, દાળીયા, ખજુર, પતાસાની આહૂતિઓ આપી હતી. શેકાયેલ શ્રીફળ પ્રસાદી તરીકે ઉપયોગમાં લેવાય છે. અને મધરાત્રીના હુતાસણીના કેન્દ્રબીંદુમાં મુકાયેલ ધાન્ય, અનાજ ભરેલ કુંભ કાઢી બફાયેલા ધાન્યનું પ્રસાદી તરીકે વિતરણ કરાયુ હતુ.હવે મોટા ભાગના સ્થળોએ મોટી હોળી કરતા પ્રતિકાત્મક રીતે નાની હોળીના આયોજન થયા હતા.જયારે ગ્રામ્ય વિસ્તારોમાં હોળીકાના પ્રાગટય બાદ મહિલાઓ દ્વારા હોળી ગીત ગાતા ગાતા પ્રદક્ષિણા કરાઈ હતી. ભાવનગર મ્યુનિસિપલ કમિશ્નર ઉપાધ્યાયે પણ સજોડે હોળીની પૂજા કરી પ્રદક્ષિણા કરી હતી.

# તુલસીશ્યામ તિર્થધામમાં કેસુડાના ફુલો અને કુદરતી કલરો દ્વારા યોજાયો રંગોત્સવ

### ઢોલ-શરણાઈના તાલ સાથે હજારો ભાવિકોએ ભગવાન પર પુષ્પવૃષ્ટિ અને અબિલ ગુલાલોની છોળો ઉડાવી



ભાવનગર, તા.૨૬

સૌરાષ્ટ્રમાં ગીરના જંગલમાં આવેલ સુપ્રસિદ્ધ તુલસીશ્યામ તિર્થધામમાં ધૂળેટીના પર્વે રંગોત્સવ યોજવામાં આવ્યો હતો. શ્યામ ભગવાનના સાનિધ્યમાં શ્યામ યુવક મંડળ દ્વારા ભવ્ય રંગ મહોત્સવ યોજાયેલ જેમાં હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ સહભાગી થયા હતા. પ્રથમ વખત થયેલા આ રંગ મહોત્સવમાં યુવા ધન વહેલી સવારથી જ આ કાર્યક્રમ માટે તુલસીશ્યામ તિર્થધામમાં ઉમટી પડ્યું હતું.

શ્યામના દરબારમાં ઓરીજનલ કેસુડાનો રંગ અને અબીલની છોળો ભગવાન શ્યામ પર કરાઇ હતી. ઓરીજનલ કેસુડાનો રંગ અને જંગલના ફૂલથી શ્યામને હજારો ભક્તોએ ભાવથી ભીંજવ્યા હતાં. ભારે હર્ષ ઉલ્લાસ સાથે ઢોલ નગારાથી આખું મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. આ સાથે ભગવાન સત્યનારાયણ દેવની કથા પણ રાખવામાં આવી હતી અને દરેક દર્શનાર્થીઓને પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. રંગોત્સવ બાદ મહાઆરતી યોજાઇ હતી. આ પ્રસગે યાત્રિકો ભાઈ બહેનોએ ગરમકુંડમાં નાહવાનો લાભ લીધો હતો. તુલસીશ્યામ ટ્રસ્ટ દ્વારા લોકોને આવાસ-નિવાસ સાથે પ્રસાદ અને ચા પાણીની સુંદર વ્યવસ્થાઓ કરવામાં આવી હતી.

# રેલ્વેનો દાવો : લોકો પાયલટની સતર્કતાએ ૮૯ સિંહોના જીવ બચાવ્યા

### ટ્રેનો અડફેટે સિંહ સહિતના રાની પશુઓની મોતની ઘટનામાં હાઈકોર્ટના કડક વલણ બાદ રેલવેએ સલામતી માટે વિશેષ કાર્ય કર્યાનું જણાવ્યું

ભાવનગર, તા.૨૬

ગીરના જંગલમાંથી પસાર થઇ રહેલી રેલગાડીઓની અડફેટે સિંહ સહિતના અન્ય પ્રાણીઓ મોતને ભેટી રહ્યા છે. આ મામલે તાજેતરમાં હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું છે. બીજી બાજુ ભાવનગર રેલવે ડિવીઝન દ્વારા દાવો કરાયો છે કે, સિંહ બચાવ માટે રેલવે તંત્ર સતર્ક અને સંવેદનશીલ કાર્ય કરી રહ્યું છે. પાછલા ત્રણ વર્ષોમાં લોકો પાયલટની સતર્કતાના કારણે ૮૯ સિંહનો જીવ બચ્યો હોવાનો દાવો કરાયો છે.

પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝન દ્વારા જણાવ્યા મુજબ સિંહોને ટ્રેનની અડફેટે આવતા બચાવવા માટે વિવિધ પગલા લેવામાં આવ્યા છે. ડિવિઝન દ્વારા સ્પીડ કંટ્રોલ માટે લોકો પાયલોટને કડક સૂચના આપવામાં આવી છે. તેમને ઢસાથી પીપાવાવ, ગાધકડાથી વિજપડી, રાજુલા સિટીથી પીપાવાવ પોર્ટ અને રાજુલાથી મહુવા સેક્શન જેવા વનવિસ્તારોમાં ખાસ કાળજી રાખવા અને હોર્ન વગાડવા અને ઝડપ મર્યાદા નિયંત્રણમાં રાખવા સૂચનાઓ આપવામાં આવી છે, જેનું લોકો પાઈલોટ્સ દ્વારા પાલન કરવામાં આવી રહ્યું છે. સિંહો રેલ્વે ટ્રેકની નજીક હોવાની સ્થિતિ જાણવા મળે છે ત્યારે રેલ્વે પ્રશાસન દ્વારા સાવચેતીના આદેશો (Caution Order) જારી કરવામાં આવે છે. રેલ્વે ટ્રેક નજીક સિંહોની હિલચાલ પર વન વિભાગ અને રેલ્વે પ્રશાસન દ્વારા બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે. લોકો પાયલોટ દ્વારા લેવાયેલી સાવચેતીના કારણે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૯ સિંહો, ૨૦૨૨-૨૩માં ૨૭ સિંહો અને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૩, આમ કુલ ૮૯ સિંહોને ટ્રેનની અડફેટે આવવાથી બચાવી લેવામાં આવ્યા હતા.

# ચૂંટણીના પ્રચાર માટે ધાર્મિક સ્થળોના ઉપયોગ પર પ્રતિબંધ

### ધાર્મિક કાર્યક્રમોમાં પ્રચાર માટે સ્ટોલ નહીં રાખી શકાય

ભાવનગર, તા.૨૬

લોકસભા સામાન્ય ચૂંટણી માટે તા.૭ મેએ મતદાન થવાનું છે અને ૪ જૂને મત ગણતરી છે ત્યારે ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આદર્શ આચારસંહિતાનો અમલ કરવા ધાર્મિક સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ ન થાય તે અંગેના નિયંત્રણ રાખવાની જરૂરિયાત જણાતાં ભાવનગર જિલ્લા મેજિસ્ટ્રેટ આર.કે.મહેતાએ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જાહેરનામામાં જણાવ્યા મુજબ કોઈપણ મંદિર, મસ્જીદ, ચર્ચ, ગુરુદ્વારા અથવા કોઈપણ ધાર્મિક/પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકશે નહી.ધાર્મિક સંસ્થાઓ (દુરૂપયોગ નિવારણ) અધિનિયમ-૧૯૮૮ હેઠળ ધાર્મિક સંસ્થાઓના ફંડ અને જગ્યાનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાતો નથી તેથી તે કાયદાનું અસરકારક રીતે પાલન કરવાનું રહેશે.

# આજે વલ્લભનંદીની મણીબેનની પૂણ્યતિથિ : તેઓ આજીવન સરદાર પટેલનો પડછાયો બનીને રહ્યા

આજે મણીબેનની પુણ્યતિથી. સફેદ ખાદીના કાપડની થિગડાવાળી સાડી અને કોણી સુધીની બાય વાળો બ્લાઉઝ કે પોલકું, સાડી થોડી ઊંચી પહેરેલ અને માથે ઓઢેલી હોય, સદાય આ પહેરવેશમાં નજર આવનાર ભારતના નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રીના દીકરી મણીબેન પટેલ વલ્લભનંદીની એક અલગ દેખાઈ આવતા, સ્વભાવે તેઓ ગરમ મિજાજના અને સદાય સરદાર સાહેબની પાછળ પડછાયો બનીને રહ્યા. મણીબેનનો આટલો જ પરિચય ન હોઈ શકે. તેમના વિશે વિગતવાર સમજીએ તો તેઓનો જન્મ એવા યુગમાં થયો કે, તેવા સમયે પુત્રનો જન્મ એક અભિષાપ ગણવામાં આવતો હતો અને કદાચ જન્મ પછી તરત દૂધપીતી કરવાનો પણ રિવાજ હશે. આવા સમયમાં મણીબેન પટેલ ૩ એપ્રિલ ૧૯૦૪ ના દિવસે બેરિસ્ટર વલ્લભભાઈ પટેલના ઘરે માતા ઝવેરાબાની કૂખે જન્મ લીધો. અને ૧૦ નવેમ્બર ૧૯૦૫ના દિવસે મણિબેનના નાના ભાઈ ડાહ્યાભાઈ પટેલનો જન્મ થયો. પાચેક વર્ષના મણીબેન થયા હશેને તેમના માતા ઝવેરબાનું અવસાન થયું. અને બન્ને નાના બાળકોની જવાબદારી બેરિસ્ટર વલ્લભભાઈ પટેલના શિરે આવી. અને વલ્લભભાઈ પટેલે બીજા લગ્ન કર્યા નહી, બન્ને નાના બાળકો મનોમન સમજી ગયા હતા કે હવે દુનિયામાં માતા રહ્યા નથી. બેરિસ્ટર વલ્લભભાઈ એ બન્ને બાળકો માતાની હુંફ આપી અને પિતાની ફરજ બન્ને નિભાવી.

વલ્લભભાઈ જયારે બેરિસ્ટર થવા માટે વિલાયત ગયા ત્યારે તેમણે નક્કી કરી રાખ્યું હતુ કે મણિબેન કે ડાહ્યાભાઈ બન્ને બાળકો સહેજ મોટા થાય એટલે વિલાયતમાં રાખી ત્યાંની જ કેળવણી આપવી, અને તેની પુર્વતૈયારીના ભાગરુપે મુંબઈની સેંટ મેરિઝ સ્કૂલના એક મિસ વિલ્સનને ત્યા છાત્ર તરીકે રાખ્યા જેના કારણે બન્ને બાળકો સીધી વાતચીત પધ્ધતિ દ્વારા અંગ્રેજી શીખી શકે. મણિબેનના શબ્દોમાં કહીએ તો : અમારા બુટ, મોજાં, હેટ તથા બીજા કપડા વાઈટવે તથા એવાંસ ફેઝરને ત્યાંથી ખરીદવામા આવતા હતાં. વલ્લભભાઈ પટેલે બન્નેના ભણતર અને ઘડતરમાં કોઈ કચાશ રાખી નહોતી, અને જયારે



વલ્લભભાઈ બેરિસ્ટર થવા વિલાયત ગયા ત્યારે બન્ને બાળકોની જવાબદારી વિઠ્ઠલભાઈ પટેલે મુંબઈમાં લીધી અને બન્ને બાળકોના ઘડતર માટે પિતા જેવોજ ભાગ ભજવ્યો.

બેરિસ્ટર થયા પછી વલ્લભભાઈએ અમદાવાદ વકીલાત અને રહેવા માટે પસંદ કર્યુ અને બન્ને બાળકો પણ સાથે રહેવા લાગ્યા, વલ્લભભાઈ કામની વ્યસ્તતાના કારણે બહુ ઓછો સમય ઘરમાં ગાળતા, પરંતુ સમયાંતરે પુત્ર ડાહ્યાભાઈ સાથે ગેલ પણ કરી લેતા, પણ મણિબેન એક શબ્દ પણ વલ્લભભાઈ સાથે બોલતા નહી, અને મણીબેનને સરદાર સાહેબ સામે આવતા પણ સંકોચ થતો. જ્યારે સવારે દિવાનખાનામાં સરદાર સાહેબ આંટા મારતા ત્યારે મણીબેન નહાઈ ને પાસેના ખંડના બારણાં પાસે આવતા ત્યારે સરદાર સાહેબ પૂછાતા કેમ છે? અને વળતાં જવાબમાં મણીબેન કહે સારું છે. પિતા પુત્રી વચ્ચે આખા દિવસમાં આટલો જ સંવાદ થતો. પાડોશમાં રહેતા દાદાસાહેબ માવળંકર રહેતા, અને તેમના માતૃશ્રી મણીબહેનની ખૂબ સંભાળ રાખતા. તેમના પત્ની મણિબેનનું દુઃખ સમજીને અવારનવાર તેને તેના ઘરે બોલાવતી હતી. તે તેની સાથે વાત કરતી અને ક્યારેક તેની સાથે રમતી. મણિબેનમાં થઈ રહેલું પરિવર્તન તેના પિતાના ધ્યાનમાં આવ્યું અને તે સમજી ગયા કે પરિવારનો પ્રેમ કેવી રીતે અનિવાર્ય છે. તે પછી તેણે ઘનિષ્ઠ મિત્રોના પરિવારો સાથે ગાઢ સંપર્કો કેળવવાનો પ્રયાસ કર્યો. ડો.કાનુગા અને ડો.હરિપ્રસાદ દેસાઈના બે પરિવારો સાથે ગૃહસંબંધ બાંધવામાં આવ્યા હતા, જેમની સાથે મણિબેન પણ ગાઢ રીતે જોડાયેલા હતા. આમાં પરિવારો, તેણીને તેની ઉંમરના સાથીઓ હતા. મૈત્રીપૂર્ણ સંબંધોનું આવું બંધન છેલ્લે સુધી રહ્યું.

જયારે ડાહ્યાભાઈએ ગાંધીજીને કહ્યું કે ''મણીબેન મોટા છે અને તેમના લગ્ન પછી હું લગ્ન કરીશ'', ત્યારે મણીબેને ગાંધીજીને કહ્યું કે ''મારા લગ્ન માટે ડાહ્યાભાઈ બેસી રહેશે તો એને બેસી જ રહેવું પડશે કારણ કે મારે પરણવું નથી.'' મણીબેને તો લગ્ન નહી કરવા વિષે મક્કમતાથી નક્કી કરી લીધું હતું. વર્ષ ૧૯૨૭ પછી સરદાર પટેલ મણિબેનના હાથે કાંતેલા સુતરની ખાદી જ પહેરવાનું પસંદ કરતા. ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહના અંત સુધીમાં જયારે સરદારને માંદગી અનુભવતા હતા, ત્યારે એવું સૂચન કરવામાં આવ્યું હતું કે કોઈકે તેમને સચિવ તરીકે મદદ કરવી જોઈએ.ત્યારે મણીબેને કહ્યુંઃ "જો કોઈને રાખવા હોય તો હું કેમ નહીં?" ૧૯૨૯થી બાપુજીના મૃત્યુ સુધી, જયારે પણ શક્ય હોય ત્યારે મેં તેમનો પત્રવ્યવહાર જાળવી રાખ્યો હતો. એક વખત ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રાજકીય વિવેચક કે. ગોપાલસ્વામી મુંબઈના મરીન ડ્રાઈવ પરના તેમના ફ્લેટમાં તેમની મુલાકાતે આવ્યા ત્યારે બાપુજીએ સી. રાજગોપાલાચારીએ લખેલ એક પત્ર મંગાવ્યો. તેઓ એ ભૂલી ગયા કે તેમણે પત્ર ફાડી નાખ્યો હતો અને તેમણે તેને કચરાપેટીમાં ફેંકી દીધો હતો. સદભાગ્યે, મેં એ ટુકડાઓ એકઠા કર્યા હતા. તેને પસાર કરતા પહેલા તેમને એક સાથે ગોઠવી ચોંટાડવામાં મને થોડો સમય લાગ્યો. અને આ પત્ર તેમના હાથમાં જયારે મે આપ્યો ત્યારે તેઓ એકીટસે મારી સામે જોઇ રહ્યા, જાણે વિચારતા હતા કે આ દીકરી મારુ કેટલું ધ્યાન રાખે છે. મણીબેન પટેલે સરદાર સાહેબના અંતિમ સમય સુધી તો સાથ આપ્યો પરંતુ સરદાર સાહેબના સ્વર્ગવાસ બાદ પણ સરદાર સાહેબના પત્રો અને માહિતી જાહેર જનતા સમક્ષ મૂકી. તેમણે પોતાના અંત સામે સુધી સરદાર સાહેબ વિષે લોકોને માહિતગાર કર્યા અને એક સાદગી ભર્યું જીવન જીવ્યા. આજે આપણે જે કાંઈ પણ સરદાર સાહેબ વિષે જાણીએ છે તે મણીબેનને આભારી છે.

**ભરત એ. મોણપરા**
**(પ્રમુખ, સરદાર યુવા મંડળ-ભાવનગર)**

## માતાના અવસાન પછી પિતા વલ્લભભાઈ પટેલ ઉપરાંત બન્ને નાના ભાઈઓની પણ સેવા ચાકરી મણીબેને કરી : સરદાર પટેલની જીવનની સાદગીની વાતો જાહેર જનતા જાણે છે તે મણીબેનને આભારી છે !

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

## સૌરાષ્ટ્ર આસપાસ

# કૌભાંડિયા મુખ્યમંત્રીઓનો વરવો ઇતિહાસ

ગઈકાલે હાઈ વોલ્ટેજ પોલિટિક્લ ડ્રામા ભજવાયો જેમાં દિલ્હીના મંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કરવામાં આવી ત્યારે

એ જીવનના સમર્થકોએ મોટો હોબાળો મચાવ્યો હતો આ સમયે તેના એક સમયના ગુરુ અન્ના હજારે એક નિવેદનમાં કહ્યું કે મેં કેજરીવાલને ચિઠ્ઠી લખીને ચેતવણી આપી હતી પરંતુ તેઓ માન્ય નહીં અને અંતે તેને જેલના સળિયા ગણવાનો વખત આવ્યો આ બાબતમાં પોતાને કોઈ રંજ નથી તેમ અન્ના હજારે કહે છે જે નેતા કૌભાંડ કરે છે તેને જેલમાં જવું પડે એમાં કશું જ ખોટું નથી આ પહેલા પણ અન્ય મુખ્યમંત્રીઓ જેલમાં જઈ આવ્યા છે જેલમાંથી છૂટીને પાછા રાજકારણમાં ગોઠવાઈ ગયા છે

ગત સપ્ટેમ્બરમાં એન ચંદ્રગ્રહ બાપુ નાયડુની ધરપકડ થઈ હતી.ચન્દ્રાબાબુ નાયડુની પરપકડ થઈ ત્યારે કહેવત યાદ આવી હતી કે દગા કિસી કા સગા નહીં. આંધ્રપ્રદેશના લોકપ્રિય મુખ્યપ્રધાન એન. ટી રામારાવના મહત્ત્વાકાંથી જમાઈ ચન્દ્રાબાબુ નાયડુએ એક વહેલી સવારે પોતાના શ્વસુરજી સાથે દગો કરીને પક્ષ પર કબ્જો જમાવી દીધો હતો. બળવો કરીને તેઓ મુખ્યપ્રધાન બની ગયા હતા. એન.ટી. રામારાવનાં બીજાં પત્ની લક્ષ્મી પાર્વતીને બહાર તગેડી મુકાયાં હતાં. આ વાત ૧૯૯૫ની છે. સમયનું ચક્ર અઠ્યાવીસ વર્ષે ફરતું ફરતું ચન્દ્રાબાબુની સામે આવ્યું છે અને તેમને જેલમાં ખેંચી ગયું છે. તેમને દસ દિવસ માટે તેઓ જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા

જી૨૦ના મેળાવડામાં ચન્દ્રાબાબુ નાયડુની ધરપકડ અને જેલના અહેવાલો દબાઈ ગયા હતા. ૭૩ વર્ષના ચન્દ્રાબાબુ નાયડુને ઘરનું ખાવાનું મળશે વગેરે તો ઠીક છે, પરંતુ જેલની બહાર તેમનો પક્ષ તેલુગુ દેશમ કેવુંક જોર બતાવશે તે જોવાનું રહ્યું. સ્કિલ ડેવલપમેન્ટ કૌભાંડમાં સીઆઇડીએ તેમની ધરપંકડ કરી હતી. આ કથિત કૌભાંડને કારણે રાજ્ય સરકારને ૩૦૦ કરોડનો ફટકો પડયો હતો. તેમની ધરપકડને અટકાવવા પક્ષના કાર્યકરોએ દેખીતી રીતે જ પ્રયાસો કર્યા હતા.

ચન્દ્રાબાબુ નાયડુની કરીઅર પોલિટિક્લ સ્ટુડન્ટ તરીકે થઈ હતી. તેઓ યુથ કોંગ્રેસમાં જોડાયા પછી ૧૯૭૫ની કટોકટી વખતે સંજય ગાંધીના ટેકેદાર બની ગયા હતા. યુવાનોને ૨૦ ટકા ક્વોટા આપવાના નિર્ણયમાં તેમનો ચાન્સ લાગી ગયો અને તેઓ વિધાનસભ્ય બની ગયા હતા. ૨૮ વર્ષે તેઓ વિધાનસભ્ય અને ૩૦ વર્ષે સૌથી યુવાન વર્ષના પ્રધાન બની ગયા હતા. સિનેમેટોગ્રાફી મિનિસ્ટર બન્યા પછી તેઓ એન.ટી. રામારાવના સંપર્કમાં આવ્યા હતા. ૧૯૮૬માં તેઓ તેલુગુ દેશમ પક્ષમાં મહામંત્રી બન્યા હતા. જોકે એન.ટી. રામારાવનો વિશ્વાસ જીત્યા બાદ આખરે તેમણે બળવો કર્યો હતો. રામારાવના કુટુંબે નાયડુને હરાવવાના ઘણા પ્રયાસો કર્યા હતા, પરંતુ નાયડુ વધુ ચતુર સાબિત થયા હતા.

જોકે હવે કોઈ રાજકારણીને જેલ થાય તે નવી વાત નથી રહી. તેઓ કૌભાંડો કરે છે, જેલમાં જાય છે અને બહાર આવીને ફરી પાછા રાજકારણમાં સક્રિય થઈ સત્તા મેળવવવા ફાંફા મારે છે. બિહારના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન લાલુપ્રસાદ યાદવને ઘાસચારા કૌભાંડમાં ૧૪ વર્ષની સજા થઈ હતી. જયલલિતા જ્યારે મુખ્યપ્રધાન પદે હતાં ત્યારે વધુ પડતી સંપત્તિના કેસમાં જેલમાં જવું પડયું હતું. ઝારખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મધુ કોડાને પણ માઇનિંગ કૌભાંડમાં જેલ થઈ હતી. હરિયાણાના ઓમપ્રકાશ ચૌટાલાને શિક્ષક ભરતી કૌભાંડમાં ૧૦ વર્ષની સજા થઇ હતી. સત્તા પર હોય અને ધરપકડ થઈ હોય એવાં મુખ્યપ્રધાન તરીકે જયલલિતાનું નામ લઈ શકાય. તે સત્તા પર હતાં ત્યારે જેલમાં ધકેલી દેવાયાં હતાં. તે વખતે બેંગલારેની કોર્ટે તેમને ગુનેગાર ઠેરવીને ચાર વર્ષની જેલ તેમજ ૧૦૦ કરોડનો દંડ ફટકાર્યો હતો. ૧૯૯૧થી ૧૯૯૬ દરમ્યાન તેમની આવક કરતાં સંપત્તિ વધારે હોવાથી કેસ થયો હતો.

# ભેરુબંધ

## પોતાનું ગામડું છોડીને શહેરમાં ધંધો રોજગાર કરવા ગયેલ વ્યક્તિને આયખાના અંતિમ પડાવ વખતે એનું ગામ અને બાળગોઠિયાને મળવાની તાલાવેલી જાગી છે, આંખે અંધાપો છતાં ભાઈબંધને મળીને અનહદ વાતો કરતી વખતે એનું આયખું ઓગળી ગયું

**અલપ ઝલપ** -ડો. મનહર ઠાકર

શામજી ગામડું છોડીને પોતાની વીસ વર્ષની ઉંમરે શહેરમાં કમાવા આવેલો. મહેનત મજૂરી કરીને તેણે શહેરમાં ઘરબાર વસાવેલાં. આજે તેની ચાર પેઢી શહેરમાં સ્થાપિત થઈ ગઈ છે. હવે પોતે આયખાના અંતિમ પડાવે પહોંચ્યો છે. એનાં છોકરાંનાં છોકરાંઓ કમાતા ધમાતા થઈ ગયાં છે. હવે પોતાના માથે કોઈ જવાબદારી નથી અને કોઈ કામધંધો પણ નહીં. એટલે પ્રવૃત્તિ વિનાનું જીવન અને વૃદ્ધાવસ્થાથી એને અહીં એક એક દિવસ કાપવો ભારે આકરો લાગે છે. એમાં યે છેલ્લો દસકો તો પોતે વિધુર તરીકે કાઢવાનો થયો એ દિવસો બહુ વસમા લાગતા હતા. તેને પોતાનું મૂળ વતન ગામડું યાદ આવ્યું. પોતાના બાળગોઠિયાના હેતપ્રીત સાંભરી આવ્યાં. ના છૂટકે તેણે પોતાના મોટા દીકરાને પથારી પાસે બોલાવીને જણાવ્યું, ' હવે તો આ આયખાનો દિ' જડવજડ રહ્યો છે. છેલ્લી વેળાએ ગામડે જઈને મારા બાળપણના ભેરુને મળવાની ઈચ્છા રોકી શકાતી નથી.'

એનો આ મોટો દીકરો પણ પચાસ વર્ષની ઉંમરે પહોંચી ગયેલો એટલે તેનામાં સમજણ અને પરિપક્વતા ખરાં. તેણે બાપાને કહ્યું, ' તમારી જેવી મરજી . '

' હવે તો હું અઠવાડિયું માંડ કાઢું પણ કો 'ક રાંધી ને ખવરાવવાવાળું આવે તો જનમ ભોમકામાં જઈને છેલ્લા શ્વાસ લેવાની અબળખા છે.'

તેના આ મોટા છોકરાએ પોતાની ઘરવાળીને સાથે લીધી. સીધું સામાન પોતાની ફોર વ્હીલ ગાડીમાં ભરી લીધાં અને બુઢા બાપની ભેળો ગામડે ઉપડ્યો.

ગામને પાદર પોતાના બાપ જેવું જૂનું ખખડધજ ખોરડું ખોલ્યું. ઓરડાના ખૂણે સ્થાપેલો ચૂલો ચેતવ્યો. ત્રણ જણાંની રસોઈ બની અને સૌ જમ્યાં ત્યારે આજે બાપાએ ધરાઈને ધાન ખાધું.



બાપાએ પોતાની આખે આખી જુવાની શહેરમાં વિતાવી દીધેલી.અહીં ગામડે પોતે વીસેક વર્ષની ઉંમર સુધી રહેલો. આ ગામડાને પાદર, ગામની નદીએ, ગામના ડુંગરાઓમાં, ગામના વનમાં, ગામના ભેરુ સાથે એણે માલ ઢોર ચાર્યા છે. ખેતીવાડીનું કામ કર્યું છે, દાડી ને મજૂરી કરી છે. નદી, તળાવ અને વાડીના કૂવાઓમાં ધૂપકા દીધા છે. આજે એની ઉંમર લગભગ એંસી ઉપર પહોંચવા આવી ત્યારે માદરે વતનની આ બધી યાદો ભૂલાતી નહોતી. એટલે જ શહેરમાં પોતાની ચાર ચાર પેઢીવાળા ખોરડેથી તેણે ગામડે જવાની જીદ લીધેલી. દીકરાઓ સુખી સંપન્ન છે. પણ પોતાનું વતન એને યાદ આવતું હતું. બાળપણના સ્મરણો એને કેમે ય કરીને ભુલાતાં નહોતાં. એટલે જીવતા મરતા છેલ્લી વેળાએ એને ગામનું પાદર જોઈ લેવું હતું. ગામની નદીઓ જોઈ લેવી હતી. ગામના ડુંગરની તળેટીમાં ઊભા રહીને ડુંગરની ટોચ તરફ નજર ફેરવી લેવી હતી. ગામના આંબાવાડિયામાં આંટો મારી લેવો હતો. પણ હવે શરીર કામ આપતું નથી. દીકરાની ગાડીમાં બેસીને એ પોતે ગામડે તો આવ્યો. સાંજે ફળિયામાં તેણે ખાટલે લંબાવ્યું છે. પોતાનું જૂનું આ ખોરડું, એનું ફળિયુ, ખાટલે પાથરેલું આ પાગરણ, એનાં જૂનાં વાસણ-કુસણ, આ બધું જ એને હવે જોઈ લેવાનો અભરખો છે પણ આંખે દેખાતું નથી.

તેને હવે પોતાનું આયખું પૂરું થવાનો અણસાર આવી ગયો છે. તેણે મનોમન નિર્ધાર કરી લીધો છે કે આ ગામમાં જ દેહ પડે ત્યાં સુધી રહેવું છે. એને એવું સમજાઈ ગયું છે કે હું અઠવાડિયાથી વધું સમય કાઢીશ નહીં. સાઈઠેક વર્ષ પછી આજે તેણે પોતાના ગામમાં રાત કાઢી. એને નિરાંતે ઊંઘ આવી. ફળિયામાં ખાટલે સૂતાં સૂતાં બાળપણમાં એણે જોયેલાં આકાશના ટમટમતાં તારલાં, માણેલો ઠંડો પવન એને વીંઝણો નાખતો રહેતો એની યાદ આવી ગઈ.

વહેલી પરોઢે એ જાગ્યો. ખડકી ઉઘાડીને બહાર ઓટલે બેસીને દાંતણ પાણી કરી લીધાં. વર્ષો જૂની આદત પ્રમાણે ઊગમણે સૂરજ નારાયણ ભણી બે હાથ જોડી લીધાં પછી દીકરાને કહ્યું, ' આજ તો મારે મારા ભેરુને મળી લેવું છે.'

છોકરાએ ફળિયામાંથી ગાડી બહાર લીધી. પ્રભાતના પહોરમાં ગાડીમાં બેસીને પોતે ભેરુની વાડીએ જવા રવાના થયા. વાડીએ જતા રસ્તામાં જ એના ભેરુ લઘાભાને દીકરાએ ઓળખ્યા.. ગાડી થંભી ગઈ. દીકરાએ દરવાજો ખોલી બાપાને તેના ભેરુ ભણી દોર્યા. શામજીએ લાંબો હાથ કરી પૂછ્યું, ' લઘાભા ! ઓળખો છો ? '

છેક નજીક આવીને લઘાભાએ કહ્યું , લે, શામલો તો નહીં ને ! '

' હા, તમને મળવા જ વાડીએ જાતા 'તા.'

ગામને પાદર બન્ને ભેરુ બાથ ભરીને ભેટી પડ્યા.

' આવો, આવો ! આ ગાડીમાં બેસી જાવ.' લઘાભાને શામજીએ બાવડું ઝાલીને ગાડીમાં પડખો પડખ બેસાડી દીધા.

લઘાભા શામજીને પગથી માથા લગી એકધારા જોઈ રહ્યા છે. એની ઊંડી ઉતરી ગયેલી આંખો, બાવડાંની ચામડી પર ઉપસી આવેલી ઘેરા જાંબુડિયા રંગની નસો, ચહેરા પર કરચલીઓનું જાળું, માથા પરના વાળને આવી ગયેલી પાનખર, નેણ પરથી ખરી ગયેલા વાળ અને હાથે પગે ધોળી થઈ ગયેલી રુવાંટી. છતાં શામજી તો બાળપણની વાતો કરવામાં એકધારો બોલ્યે જ જાય છે.

લઘાભાની વાડીએ ત્રણેય જણા ગાડીમાંથી ઉતાર્યા. વાડીના શેઢે બેસીને ચા બનાવી. ચા પીતી વખતે પણ હરખઘેલા શામજીની વાતો બંધ નહોતી થઈ . ચા પીધાં પછી ખાલી અડાળી નીચે મુકતા જ શામજી ઢળી પડ્યો. લઘાભાએ તેને ઝીલી લીધો.એનું માથું પોતાના ખોળામાં લીધું. બાજુમાં રાખેલા પાણીથી ભરેલા ઘડામાંથી ખોબો ભરીને તેના મોંમાં પાણી મૂક્યું.

જમીન અને જણની કેવી આ લેણાદેવી ! લઘાભાની વાડીના શેઢે એનો બાળ ગોઠિયો આમ ઢળી પડ્યો. જનમ ભોમકાના બિછાને આજ શામજીએ અંતિમ શ્વાસ લીધા. તેના આવ્યાના ખબર થવાથી ગામને પાદર એને મળવા ઉત્સુક કેટલાક ભેરુ-ભાઈબંધો લઘાભાની વાડીએ તેને મળવા ઉપડ્યા. પણ... હવે તો સૌ તેની અંતિમયાત્રામાં જોડાયા.

# દેશમાં સૌથી વધારે લીડથી વિજેતા ઉમેદવારોમાં ગુજરાતના ૫ ઉમેદવારો ટોપ ટેનમાં છે સામેલ

**વિશેષ**

લોકસભાની ચૂંટણી જાહેર થઈ ગઈ છે અને ૪ જૂને રિઝલ્ટ પણ આવી જશે. લોકસભાની ચૂંટણીમાં ગુજરાતનું મહત્વ વધારે છે કારણ કે આ પીએમ મોદી અને અમિત શાહનું હોમટાઉન છે. ગુજરાતમાં થતા પ્રયોગો દેશભરમાં અમલમાં આવે છે. એટલે દેશભરની ગુજરાત ભાજપ પર નજર રહેતી હોય છે. વિપક્ષ છોડો પણ ભાજપના કદાવર નેતાઓ પણ ગુજરાત પર ધ્યાન રાખે છે. ગુજરાતમાં લોકસભાની ૨૬ સીટો છે. જે સીટોને ૫ લાખની લીડથી જીતવા માટે ભાજપે ટાર્ગેટ મૂક્યો છે. આ ટાર્ગેટ એચિવ થયો તો દેશભરમાં આ નિયમ લાગુ થાય તો નવાઈ નહીં. દેશમાં સૌથી વધારે લીડથી વિજેતા ઉમેદવારોમાં ગુજરાતના ૫ ઉમેદવારો ટોપ ટેનમાં છે. અહીં ભાજપના મૂળિયાં ઉંડાં છે. આ લોકસભાની ચૂંટણીમાં ભાજપ સરકારના ૪ મંત્રીઓ ચૂંટણી લડી રહ્યાં છે. એમાં ગાંધીનગરથી અમિત શાહ અને પોરબંદરથી મનસુખ માંડવિયાની સીટ પર ભારે રસાકસી છે. ગુજરાતમાં એક ઉલટફેર થયો તો તેના પડઘા દિલ્હી સુધી પડશે એ નક્કી છે. ભાજપે અહીં ૨૬માંથી ૨૬ બેઠકો જીતી હેટ્રીક ફટકારવાનો નિર્ણય લીધો છે. પ્રદેશ અધ્યક્ષ પાટીલ માટે આ લોકસભાની ચૂંટણી એ વટનો સવાલ છે. અમિત શાહે ગાંધીનગરની લોકસભાની સીટ પરથી ૧૦ લાખની લીડથી જીતવાનો ટાર્ગેટ મૂક્યો છે. ભાજપ કોઈ પણ સંજોગોમાં ત્રીજી ટર્મમાં મોદીને દિલ્હીની ગાદી અપાવવા માગે છે. એનડીએએ દેશભરમાં ૪૦૦ સીટો જીતવાનો ટાર્ગેટ મૂક્યો છે. ગુજરાતમાં પણ ૬ લોકસભાની સીટો એવી છે જેની પર દેશભરની નજર છે. આમાંથી એક પણ બેઠકનું પરિણામ બદલાયું તો દિલ્હીમાં પડઘા પડશે એ નક્કી છે. ભાજપ દિલ્હીમાં જીતીને પણ હારી જશે. ગુજરાત માટે તો નામોશીભરી જીત સાબિત થશે કારણ કે અહીં કદાવર નેતાઓ ઉભા છે. ભાજપે આ બેઠકો માટે મજબૂત તૈયારીઓ કરી છે પણ ચૂંટણી એ જો અને તો ના સમીકરણો પર લડાય છે. ગાંધીનગર : ગાંધીનગર એ અમિત શાહનો હાલમાં ગઢ છે. ભાજપે અહીં ૧૦ લાખની લીડથી જીતવાનો ટાર્ગેટ મૂક્યો છે. છેલ્લાં ૩૫ વર્ષથી આ બેઠક પર ભાજપ વન વે વિજેતા બને છે. એક સમયે અહીંથી લાલકૃષ્ણ અડવાણી જેવા દિગ્ગજ નેતા અહીંથી લડતા હતા ત્યારે ખુદ પીએમ મોદી આ બેઠક પર સીધી નજર રાખતા હતા. આ શહેરી બેઠક લાંબા સમયથી ભાજપનો ગઢ રહી છે. અમિત શાહે અહીં પ્રથમવાર ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી લડી હતી. રાજકિય વિશ્લેષકો પણ માની રહ્યા છે કે ગાંધીનગર લોકસભા બેઠક એવી છે કે કોંગ્રેસના કોઈ દિગ્ગજ નેતા પણ અહીંથી ચૂંટણી લડે તો પણ તેની જીતની શક્યતા બહુ ઓછી છે. અહીં બીજેપી કોઈ સામાન્ય કાર્યકર્તા પણ ઊભો રહે તો પણ તેની જીતની શક્યતા વધારે છે. હાલમાં તો અહીંથી અમિત શાહ લડી રહ્યાં છે. અહીંથી અમિત શાહને હરાવવા કોંગ્રેસ માટે ના મુમકિન છે.

૨૦૧૯ની ચૂંટણીમાં કોંગ્રેસના સીજે ચાવડાને ૫.૫૭ લાખ મતોથી હરાવ્યા હતા. ચૂંટણીના ઇતિહાસમાં અમિત શાહની આ જીત સૌથી મોટી જીત માનવામાં આવે છે. ગાંધીનગર લોકસભા બેઠક પર વર્ષ ૨૦૧૯ની ચૂંટણી પર નજર કરીએ તો અમિત શાહ અહીથી જીત્યા હતા. ચૂંટણી પંચના આંકડા પ્રમાણે અમિત શાહને ૮ લાખ ૯૪ હજાર ૬૨૪ મતો મળ્યા હતા. જ્યારે કોંગ્રેસ તરફથી ઊભા રહેલા ઉમેદવારને ૩ લાખ ૩૭ હજાર ૬૧૦ મતો મળ્યા હતા. આમ આ બેઠક અમિત શાહે ૫ લાખ ૫૭ હજાર વોટથી જીતી લીધી હતી. પોરબંદરઃ પોરબંદર એ ભાજપ અને કોંગ્રેસ બંનેનો ગઢ ગણાય છે. લોકસભાની સીટ ભલે ૨૦૧૯માં ભાજપને ગઈ હોય પણ અહીં ૭ વિધાનસભા બેઠકોમાં ૨૦૧૯માં ૩ બેઠકો પર ભાજપને નુક્સાન થયું હતું. હવે પોરબંદરથી ભાજપના દિગ્ગજ નેતા મનસુખ માંડવિયા ઉભા રહેતાં ભાજપે અહીં દિલ્હીથી મોટો ખેલ પાડ્યો છે. પોરબંદરથી અર્જુન મોઢવાડિયા અને માણાવદરથી લાડાણીને ભાજપમાં લઈને મનસુખ માંડવિયાની જીત એકતરફી કરી દીધી છે. અહીં કોંગ્રેસે લલિત વસોયાને ઉતાર્યા છે. લલિત વસોયા અહીં ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી લડ્યા હતા. ભાવનગર સીટ પર પટેલ સમુદાયની પેટા જાતિ લેઉવા પાટીદારોની મોટી હાજરીને કારણે ભાજપ અહીં પ્રબળ પક્ષ છે. અહીં મેર પણ અગત્યના છે. પાર્ટીએ આ બેઠક પરથી કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાને મેદાનમાં ઉતાર્યા છે, જેઓ લેઉવા પાટીદાર છે. મનસુખ માંડવિયા અહીં પ્રથમવાર લોકસભાની ચૂંટણી લડી રહ્યાં છે. ભાજપ ૧૯૯૧થી પોરબંદર બેઠક જીતી રહ્યું છે, ૨૦૦૯માં અહીં કોંગ્રેસના વિઠ્ઠલ રાદડિયા વિજયી બન્યા હતા. જોકે, અહીં ભાજપે ઓપરેશન લોટસનો ઉપયોગ કરતાં આ સીટ માંડવિયા માટે સેફ બની ગઈ છે. રાજકોટઃ રાજકોટ એ સૌરાષ્ટ્રનું પાટનગર ગણાય છે. ભલે ગત ટર્મમાં મોહન કુંડારિયા જીતીને દિલ્હી સુધી પહોંચ્યા હતા પણ આ ચૂંટણી રસાકસી ભરી બની રહેવાની છે. ભાજપે અહીં કડવા પાટીદાર નેતા પુરષોત્તમ રૂપાલાને અહીંથી ટિકિટ આપી છે. પુરષોત્તમ રૂપાલા મોદી સરકારમાં મંત્રી છે. પાટીદાર સમાજમાં લેઉવા બાદ કડવા પાટીદારોનો દબદબો છે. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં કડવા પાટીદારોની વસતી વધારે છે. અહીંથી ગુજરાત ભાજપના કદાવર નેતાઓ ચૂંટણી લડી ચૂક્યા છે. કોંગ્રેસે અહીં ઉમેદવાર જાહેર કર્યો નથી. રાજકોટ એ ભાજપનો ગઢ છે અને અહીં ૧૯૮૯થી ભાજપ વિજેતા બનતું આવ્યું છે. અહીં પોરબંદરથી જેમ ૨૦૦૯માં કુવરજી બાવળિયા અહીંથી કોંગ્રેસમાં જીત્યા હતા. જોકે, કુંવરજી હાલમાં ભાજપ સરકારમાં મંત્રી છે. રૂપાલા સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના છે પણ ભાજપે રાજકોટથી રૂપાલાને ચૂંટણીમાં ઉભા રાખ્યા છે. આ સીટ પરથી પીએમ નરેન્દ્ર મોદી અને વિજયભાઈ રૂપાણી પણ લડી ચૂક્યા છે.

એક સમયે વજુભાઈ વાળાનો આ બેઠક ગઢ ગણાતી હતી. હવે ભાજપ ફક્ત કમળના ચિહ્ન પર ચૂંટણી લડી રહી છે. સૌરાષ્ટ્રના રાજકારણમાં રાજકોટ એ લેબોરેટરી ગણાય છે. સુરતઃ ૧૯૫૧ થી ૧૯૫૭ ની ચૂંટણીને બાદ કરતા ગુજરાત રાજયને ૧-૫-૧૯૬૦ માં અલગ રાજયનો દરજ્જો મળ્યો હતો. તે વખતે દેશની લોકસભાની ત્રીજી અને ગુજરાત રાજયને દરજ્જો મળ્યા પછીની પ્રથમ લોકસભાની ચૂંટણી થઇ હતી. ૧૯૬૨ થી લઇને ૨૦૧૯ સુધીના ૫૭ વર્ષમાં કુલ ૧૫ ચૂંટણી યોજાઇ છે. પ્રથમ બિન-કોંગ્રેસી વડાપ્રધાન મોરારજી દેસાઇ, ૧૯૭૭ની કટોકટી પછીની ચૂંટણીઓ સહિત પાંચ વખત અહીંથી જીત્યા હતા. સુરત બેઠક ભાજપનો ગઢ ગણાય છે.

# પરમ સમીપે જવાનો સહજ માર્ગ પણ છે

## આધ્યાત્મિક વિચારોથી સૌને મંત્રમુગ્ધ કરતા શિવાની દીદી કહે છે કે આપણે સૌ પરમ પિતાના સંતાન છીએ, અજર અમર આત્મા છીએ, આપણે આપણા અસલ સ્વરૂપને ભૂલ્યા એ જ આપણી તમામ સમસ્યાનું મૂળ છે. આજે પ્રશ્ન જાગે છે કે માનવી આજે આટલો દુ:ખી કેમ તે પ્રશ્નોનો જવાબ આપે છે શિવાની બહેન

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

માનવી અજર અમર આત્મા છે. ભૌતિક જગતની મોહમાયા ના સંસારમાં અટવાઈને તે નકારાત્મકતા અપનાવી રહ્યો છે અને આ જ તેના દુ:ખનું મૂળ કારણ છે પોતાના સ્વરૂપને ભૂલીને માનવી જો સકારાત્મક બને અને શુભ વિચારો કરે સદગુણોનું આચરણ કરે અને પોતાની જાતમાં સુધાર કરે તો સ્વરાજ્ય દૂર નથી પોતાના અસલ સ્વરૂપનું ધ્યાન જો લાગી જાય તો તે જન્મો જનમના ફેરામાંથી મુક્ત બને પરંતુ આજે તો માનવીએ પોતાના જીવનનું કંટ્રોલ મોબાઇલના હાથમાં આપી દીધું છે મોબાઇલના ગુલામ નહીં પણ માલિક બનો એટલે ઘણી સમસ્યા દૂર થશે કરુણા સભર વિચારોથી જીવનમાં પરિવર્તન આવી શકે છે અને પોતાના અસલ સ્વરૂપમાં માનવી જો આવે તો જગતમાં ફરી એકવાર સતયુગ આવી શકે તેમ શિવાની બહેન કહે છે શિવાની બહેન કોણ છે તેનો પરિચય ગઈકાલે ભાવનગર ની પ્રજાને થયો તેમની અમૃતવાણીથી સૌ કોઈ અભિભૂત થયા શિવાની બહેન નો પરિચય કરો જરૂરી છે શિવાનીદીદી બ્રહ્મા કુમારી આધ્યાત્મિકતાના શિક્ષક છે અને લોકો તેમના વિચારો સાંભળીને પોતાને હકારાત્મક બનાવે છે. બ્રહ્મા કુમારી શિવાનીદીદીનો જન્મ ૩૧ મે, ૧૯૭૨ના રોજ મહારાષ્ટ્રના પુણે શહેરમાં થયો હતો.

જીવન અપનાવવા માટે પ્રેરિત કરે છે અને તેમને દુ:ખ અને તણાવથી મુક્ત જીવન કેવી રીતે જીવવું તે પણ શીખવે છે. બ્રહ્મા કુમારી શિવાનીદીદીનો જન્મ ૩૧ મે, ૧૯૭૨ ના રોજ મહારાષ્ટ્રના પુણે શહેરમાં થયો હતો.

શિવાનીદીદી શરૂઆતથી જ અભ્યાસમાં હોશિયાર હતા અને ક્લાસમાં ટોપર હતા. જો કે શિવાની દીદીને તેમના સ્કૂલ અને કોલેજના દિવસોમાં આધ્યાત્મિકતામાં કોઈ રસ નહોતો. પરંતુ તેમનો પરિવાર શરૂઆતથી જ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય સાથે જોડાયેલો હતો. શિવાની દીદીને આધ્યાત્મિકતામાં બહુ રસ ન હતો. કારણ કે તે માનતા હતા કે તેમને તેની જરૂર નથી.

૧૯૯૪ માં તેમણે સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટીમાંથી ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગમાં સ્નાતક થયા અને મહારાષ્ટ્ર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી માંથી કમ્પ્યુટર એન્જિનિયરિંગમાં માસ્ટર ડિગ્રી કરી. ત્યારબાદ ૨ વર્ષ સુધી પુણેની ભારતી વિદ્યાપીઠ કોલેજ ઓફ એન્જિનિયરિંગમાં લેક્ચરર તરીકે પણ કામ કર્યું.

શિવાનીદીદી સંસ્થામાં પોતાને સંપૂર્ણ પણે સમર્પિત કરતા પહેલા જ પરિણીત હતા. તેમના પતિનું નામ વિશાલ વર્મા છે. તેઓ તેમના પતિ સાથે પોતાનો બિઝનેસ સંભાળતા હતા. પરંતુ ૧૯૯૫ માં તે બ્રહ્માકુમારીઝમાં જોડાઈ ગયા હતા. અગાઉ તેમણે દિલ્હીમાં બ્રહ્મા કુમારીઝ ટેલિવિઝન પ્રેઝન્ટેશનમાં બેકસ્ટેજ પર કામ કર્યું હતું. જ્યાં વરિષ્ઠ શિક્ષકના ઉપદેશો રેકોર્ડ કરવામાં આવ્યા હતા.

પરંતુ વર્ષ ૨૦૦૭ માં તેમને અન્ય શિક્ષકોની ગેરહાજરીમાં પ્રેક્ષકોના પ્રશ્નોના જવાબો આપવાનું કહેવામાં આવ્યું. શિવાનીદીદી માને છે કે, આધ્યાત્મિકતા એ સામાન્ય જીવનથી અલગ જીવન નથી. ઘણા લોકો તેને એક અલગ જીવન તરીકે જુએ છે પરંતુ એવું નથી. તમે જીવનમાં જે કંઈ પણ કરો છો, કુટુંબ ચલાવો છો, કારકિર્દી બનાવી રહ્યા છો કે બિઝનેસ કરો છો. આ બધું કરતી વખતે સાચું વિચારવું, યોગ્ય લાગવું, યોગ્ય વર્તન કરવું અને યોગ્ય કર્મકાંડ કરવું એ આધ્યાત્મિક જીવન છે. સામાન્ય રીતે જ્યારે લોકોના જીવનમાં કોઈ ઘટના બને છે ત્યારે તેઓ વિચલિત થઈ જાય છે અને આધ્યાત્મિકતા તરફ જાય છે.

પરંતુ તેમના જીવનમાં આવું કંઈ બન્યું નથી. તેમના માતા-પિતા શરૂઆતથી જ આ સંસ્થા સાથે જોડાયેલા હતા અને ધ્યાનની પ્રેક્ટિસ કરતા હતા. તેમની માતા હંમેશા ઈચ્છતી હતી કે શિવાનીએ પણ બ્રહ્માકુમારી સેન્ટરમાં જઈને મેડિટેશન શીખવું જોઈએ. જો કે તે સમયે તે આ બધાથી દૂર ભાગતા હતા. કારણ કે તેમને લાગતું હતું કે મારું હાલનું જીવન પરફેક્ટ છે અને મારે કોઈના કહેવાથી મારી વર્તમાન જીંદગી કેમ બદલવી જોઈએ? મને આની જરૂર નથી.

સંપૂર્ણપણે બ્રહ્મા કુમારી સંસ્થામાં સમર્પિત કરી દીધા.

શિવાની દીદીના ટીવી કાર્યક્રમ અવેકનિંગ વિથ બ્રહ્મા કુમારીઝ એ લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવ્યું છે. તેમના મતે તે દરેક વ્યક્તિને જરૂરી છે. પરંતુ આધુનિકતાના યુગમાં લોકો તેને ભૂલી રહ્યા છે. જેના કારણે આપણે દિવસે ને દિવસે ચિંતા, ભય અને પીડાથી ઘેરાઈ જઈએ છીએ. તાજેતરમાં જ શિવાની દીદી બિગ બોસની પ્રખ્યાત સ્પર્ધક શહનાઝ ગિલ સાથે લાઈવ વાતચીત કરી હતી અને સકારાત્મક બાબતો શીખવી હતી. શહનાઝના મિત્રો દિવંગત ટીવી સ્ટાર સિદ્ધાર્થ શુક્લા અને તેની માતા રીટા શુક્લા બ્રહ્મા કુમારી આધ્યાત્મિકતા સાથે સંકળાયેલા હતા. તેમણે શહનાઝ સાથે સકારાત્મક વાતો શેર કરી હતી. જે જીવનનું સત્ય છે.તેમના કેટલાક વિચારો આ પ્રમાણે છે એટલા ખુશ રહો કે જ્યારે બીજા તમને જુએ ત્યારે તેઓ પણ ખુશ થઈ જાય.જો બાળકને ભેટ આપવામાં ન આવે તો તે થોડો સમય રડે છે. પરંતુ જો તેને મૂલ્યો ન આપવામાં આવે તો તે જીવનભર રડશે. શું તમે પણ સમાજને ઉપયોગી કામગીરી કરી રહ્યાં છો? શું તમે એવું કામ કર્યું છે જેનાથી સમાજને પ્રેરણા મળી શકે છે? તમારી સફળતાની સ્ટોરી અન્ય લોકોને જણાવવા ઈચ્છો છો

# મુંબઈ ઈન્ડિયન્સની હાર પછી ફેન્સ વચ્ચે સ્ટેડિયમમાં મારામારી

## આ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાની ભારે હૂટીંગ થઈ



મુંબઈ,
IPL ૨૦૨૪ની પાંચમી મેચમાં ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે ટક્કર જોવા મળી હતી અને મેચમાં તે બધું જોવા મળ્યું હતું જે સામાન્ય રીતે જોવા મળતું નથી. આ મેચમાં સિક્સર અને ફોર ફટકારવા અને ઉડતી વિકેટ ઉપરાંત જબરદસ્ત આક્રમકતા પણ જોવા મળી હતી. ચાહકો પણ એકબીજા સાથે બાખડ્યા હતા, મુક્કા અને થપ્પડોનો વરસાદ થયો હતો. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતેની આ મેચ ગુજરાત ટાઈટન્સે ૬ રને જીતી હતી અને તેમની જીત દરમિયાન સ્ટેન્ડ પર બેઠેલા ચાહકો એકબીજા સાથે બાખડી પડ્યા હતા.

આ મેચમાં આ એકમાત્ર વિવાદ નહોતો. આ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાની ભારે હૂટીંગ થઈ હતી. આ ખેલાડી છેલ્લી બે સિઝનથી ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન હતો, પરંતુ IPL ૨૦૨૪ પહેલા તે આ ટીમ છોડીને મુંબઈ ઈન્ડિયન્સમાં ગયો હતો અને ત્યાં પણ તેને કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. કદાચ ગુજરાતના ચાહકોને આ ગમ્યું ન હતું અને તેથી જ ટોસ સિવાય સમગ્ર મેચ દરમિયાન પંડ્યાને બૂમ પાડવામાં આવી હતી.

મેચની વાત કરીએ તો મુંબઈ ઈન્ડિયન્સનો ગુજરાત ટાઈટન્સ સામે ૬ રનથી પરાજય થયો હતો. પ્રથમ બેટિંગ કરતા ગુજરાત ટાઈટન્સે ૧૬૮ રન બનાવ્યા હતા. જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ ૧૬૨ રન જ બનાવી શકી હતી. મુંબઈની ટીમ એક સમયે મેચ જીતી રહી હતી પરંતુ અંતે તેની હાર થઈ હતી. સ્પેન્સર જોન્સને ૧૯મી ઓવરમાં અને ઉમેશ યાદવે ૨૦મી ઓવરમાં ૨-૨ વિકેટ લઈને પોતાની ટીમની જીત પર મહોર મારી હતી.

# બોલીવૂડ 'ક્વીન' કંગના રનૌતએ મંડી બેઠક પરથી ચૂંટણીમાં ઝુકાવ્યું

નવી દિલ્હી
અભિનેત્રી કંગના રનૌત છેલ્લા કેટલાક દિવસોથી ચૂંટણી લડવાને કારણે ચર્ચામાં છે. આવી સ્થિતિમાં તાજેતરમાં જ ભાજપે અભિનેત્રી કંગના રનૌતને હિમાચલના મંડીથી ટિકિટ આપી છે. ફિલ્મોમાં પોતાના અભિનયથી લોકોના દિલ જીતનારી કંગના હવે રાજકારણમાં પોતાની ઓળખ બનાવશે. કંગનાનું નામ તે અભિનેત્રીઓની યાદીમાં સામેલ છે, જેઓ માત્ર પોતાની એક્ટિંગ માટે જ નહીં, પરંતુ તેમની બેબાક અંદાઝના કારણે પણ ચર્ચામાં રહે છે. ચાહકોની સાથે કંગના પોતે પણ પોતાની નવી સફરની શરૂઆતને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. હાલમાં જ ભાજપ તરફથી ટિકિટ મળ્યા બાદ અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર એક



પોસ્ટ શેર કરીને પોતાની પ્રતિક્રિયા આપી છે.

પોતાના ઈન્સ્ટા પર પોસ્ટ શેર કરતી વખતે કંગનાએ લખ્યું છે – 'મારા પ્રિય ભારત અને ભારતીય લોકોની પોતાની પાર્ટી, ભારતીય જનતા પાર્ટી મને હંમેશા બિનશરતી સમર્થન મળ્યું છે, આજે ભાજપના રાષ્ટ્રીય નેતૃત્વએ મને મારા માટે આમંત્રણ આપ્યું છે.

# સુપરસ્ટાર અજીત કુમારે રસ્તાના કિનારે સ્ટવ સળગાવ્યો અને બિરયાની બનાવવાનું શરૂ કર્યું

હૈદરાબાદ,
તમિલ ફિલ્મોમાં પોતાના દમદાર અભિનયથી છાપ છોડનાર અભિનેતા અજિત કુમારની ચાહકોની મજબૂત સંખ્યા છે. તેમની ફિલ્મો સિનેમાઘરોમાં રિલીઝ થતાની સાથે જ લોકપ્રિય બની જાય છે. અભિનેતાના વીડિયો અને તસવીરો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થતા રહે છે. હાલમાં જ તમિલ સુપરસ્ટારનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં અજીત કુમાર



રસ્તાના કિનારે ઉભા રહીને બિરયાની બનાવતા જોવા મળે છે,

જે વીડિયો સામે આવ્યો છે તેમાં તમે જોઈ શકો છો કે અજિત રસ્તાના કિનારે ગેસ સળગાવે છે. તે એક મોટી તપેલીમાં બિરયાની બનાવી રહ્યો છે. તેની સાથે અન્ય ઘણા લોકો પણ જોવા મળી રહ્યા છે. તેમની સાથે અન્ય ઘણા લોકો પણ ગેસના ચૂલા પર બિરયાની બનાવવામાં વ્યસ્ત જોવા મળે છે. અજિત પૂરા દિલથી બિરયાની તૈયાર કરતો જોવા મળે છે. અજીતનો આ વીડિયો જોઈને ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. લોકો તેની સ્ટાઈલને ખૂબ પસંદ કરી રહ્યા છે અને તેની ખૂબ ચર્ચા થઈ રહી છે.

# કંઈક અલગ કરવા માગતા યુગલે ટોયલેટમાં કર્યા લગ્ન

લંડન,
અમુક લોકો લગ્ન માટે મંદિર અથવા ચર્ચ જતાં હોય છે, પણ એક કપલે કંઈક અલગ જ કર્યું છે. તેમણે પોતાના લગ્ન એક સ્થાનિક ગેસ સ્ટેશનના બાથરુમમાં લગ્ન કર્યા છે. લોજૈન એબ્ની નામના વરરાજા અને ટિયાના અલિસ્ટોક નામની દુલ્હને કેંટકીના વેરોનામાં આવેલ એચઓપી શોપ્સના મેન્સ ટોયલેટમાં લગ્ન કર્યા હતા.

તેમણે મીડિયાને જણાવ્યું કે, હું કંઈક અલગ કરવા માગતી હતી. હું બસ કોઈ સિંપલ ચર્ચમાં લગ્ન કરવા નહોતી માગતી અથવા તો ચર્ચમાં જવા નહોતી માગતી. હું મારા બાળકોને બતાવવા માટે કંઈક મજેદાર વસ્તુ કરવા માગતી હતી. કંઈક મજેદાર, એક સારો અનુભવ.

ટિયાનાએ પોતાના બોસ સાથે આ આઈડિયા શેર કર્યો. તેમણે વિચાર્યું કે, લગ્ન માટે સૌથી અનોખી જગ્યા આ ડિસ્કોવાળી થીમવાળા બાથરુમ છે. એચઓપી શોપ્સ પોતાના અનોખા બાથરુમ માટે વખણાય છે.



# Zomato ના CEO દીપેન્દ્ર ગોયલ અને મેક્સિકન મોડલ ગાર્સિયાએ લગ્ન કરી લીધા

મુબઈ.
Zomatoના વેજ ડ્રેસના વિવાદ વચ્ચે, ઓનલાઈન ફૂડ ડિલિવરી પ્લેટફોર્મના સીઈઓ દીપેન્દ્ર ગોયલે મેક્સિકન ઉદ્યોગસાહસિક ગ્રેસિયા મુનોઝ સાથે ગુપ્ત રીતે લગ્ન કર્યા છે. અહેવાલો અનુસાર, દીપેન્દ્ર ગોયલ અને ગ્રેસિયા મુનોઝ ફેબ્રુઆરીમાં જ તેમના હનીમૂન પરથી પાછા ફર્યા હતા. તેની ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં મુનોઝે લખ્યું કે તેનો જન્મ મેક્સિકોમાં થયો હતો અને હવે તે ભારતમાં છે. તમને જણાવી દઈએ કે, ગ્રેસિયા ભારતની રાજધાની દિલ્હીની મુલાકાતે આવી હતી, જે દરમિયાન તેને Zomatoના CEO સાથે પ્રેમ થઈ ગયો અને લાંબા સમય સુધી ડેટ કર્યા બાદ બંનેએ લગ્ન કરી લીધા.મનીકંટ્રોલના સમાચાર મુજબ, આ બાબતથી પરિચિત વ્યક્તિએ આ વાત કહી છે. નામ ન આપવાની શરતે આ વ્યક્તિએ જણાવ્યું કે દીપેન્દ્ર અને ગ્રેસિયાના લગ્ન એક મહિના પહેલા થયા હતા. દીપિન્દર ગોયલની પત્ની ગ્રેસિયા મુનોઝ એક ભૂતપૂર્વ મોડલ છે જે હવે પોતાના લક્ઝરી પ્રોડક્ટ્સ સ્ટાર્ટઅપ પર કામ કરી રહી છે. જાન્યુઆરીમાં મુનોજે દિલ્હીના પ્રખ્યાત સ્થળોની મુલાકાત લીધી હતી અને ત્યાંની તસવીરો શેર કરી હતી. તેણીના ઈન્સ્ટાગ્રામ બાયો મુજબ, ગોયલના બીજા લગ્ન મુનોઝ સાથે છે, જે ૨૦૨૨ માં અમેરિકાના મેટ્રોપોલિટન ફેશન વીકના વિજેતા છે.



# ઓસ્ટ્રેલિયા સરકારે વિઝાના નિયમો કડક બનાવતા ભારતીય વિદ્યાર્થીઓને મોટો ઝટકો

નવીદિલ્હી,
ઓસ્ટ્રેલિયા અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ઓસ્ટ્રેલિયન સરકારે વિઝાના નિયમો કડક બનાવ્યા છે. વિદ્યાર્થીની જેન્યુઈન સ્ટુડન્ટ ટેસ્ટ લેવામાં આવશે. જયારે સ્નાતક વિઝા માટે આઈઈએલટીએસ સ્કોર ૬.૦થી વધારીને ૬.૫ કરાયો છે. સ્ટુડન્ટ વિઝા માટે આઈઈએલટીએસ ૫.૫ થી વધારી ૬.૦ કરાયો છે. ઉપરાંત અરજીકર્તાઓએ ૨૪૫૦૫ ડોલરની બચત બતાવવી પડશે.




કેનેડા બાદ ઓસ્ટ્રેલિયા જવું ભારતીય વિદ્યાર્થીઓ માટે મુશ્કેલ બનશે. કેમ કે ઓસ્ટ્રેલિયા સરકારે વિઝાના નિયમો કડક બનાવ્યા છે. વિદ્યાર્થીઓનો વિઝાની પ્રક્રિયા સાથે જેન્યુઈન સ્ટુડન્ટ ટેસ્ટ લેવાશે. વિદ્યાર્થી ખરેખર અભ્યાસ માટે જઈ રહ્યો છે કે કેમ તે અંગે નિર્ણય લેવાશે. આ ઉપરાંત વિઝા માટે અરજી કરનાર વિદ્યાર્થીએ ૨૪.૫૦ હજાર ડોલરની બચત બતાવવી પડશે.

કેનેડા અને યુકે પછી ઓસ્ટ્રેલિયા અભ્યાસ વિઝા માટે તેના ઈમિગ્રેશન નિયમોને વધુ કડક બનાવવાની તૈયારી કરી છે. ૨૩ માર્ચથી જેન્યુઈન સ્ટુડન્ટ જરૂરિયાત વિદ્યાર્થી વિઝા માટે જેન્યુઈન ટેમ્પરરી એન્ટ્રન્ટની નિયમોમાં બદલાવ કર્યો છે. આ ફેરફારની જાહેરાત ૧૧ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ કરવામાં આવી હતી, પરંતુ તે ૨૩ માર્ચ ૨૦૨૪ પછી ફાઈલ કરાયેલ વિઝા અરજીઓ પર જ લાગુ થશે. અભ્યાસ માટે ઓસ્ટ્રેલિયામાં અસ્થાયી રૂપે રહેવા અને પછી વતન પરત જવાના ઈરાદાને દર્શાવવા માટે જીટીઈ સ્ટેટમેન્ટ વિઝા અરજી પ્રક્રિયાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. નવા નિયમો મુજબ ટેમ્પરરી ગ્રેજ્યુએટ વિઝા માટે આઈઈએલટીએસ સ્કોર વધીને ૬.૫ થશે. વિદ્યાર્થી વિઝા માટે આઈઈએલટીએસ ૫.૫ થી વધીને ૬.૦ થશે.

# હું રાજકારણમાં પ્રવેશી શકું છું અને ચૂંટણી લડવા માટે ટિકિટ પણ મળી છે : ઉર્વશી રૌતેલા

મુંબઈ,
ઉર્વશી રૌતેલા બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની સ્ટાઈલ આઈકોન છે. તેની ડ્રેસિંગ સેન્સ અને સુંદરતાના લાખો પ્રશંસકો છે. તેની તસવીરો સોશિયલ મીડિયા પર છવાયેલી રહે છે. ઉર્વશી રૌતેલા તેની ફિલ્મો કરતાં તેની લક્ઝરી લાઈફસ્ટાઈલ માટે વધુ ચર્ચામાં રહે છે. હાલમાં જ તેમનું એક નિવેદન સામે આવ્યું છે, જેમાં તેમણે રાજકારણમાં આવવાના સંકેત આપ્યા છે. અભિનેત્રીએ જણાવ્યું કે તેને રાજકારણમાં આવવાની ઓફર મળી છે, એટલે કે તેને ચૂંટણી લડવા માટે ટિકિટની ઓફર કરવામાં આવી છે.


જ્યારે ઉર્વશી રૌતેલાને પૂછવામાં આવ્યું કે તેને રાજકારણમાં કેટલો રસ છે, તો તેણે જવાબ આપ્યો, 'મને ટિકિટ પહેલેથી જ મળી ગઈ છે, તેથી મારે નક્કી કરવાનું છે કે હું ચૂંટણી લડું કે નહીં. મને હજુ ખબર નથી કે હું રાજકારણમાં આવું છું કે નહીં, પણ હું તમારો અભિપ્રાય જાણવા માંગુ છું. ઉર્વશીનું આ નિવેદન સાંભળ્યા બાદ ચાહકો આઘાતમાં છે અને વિવિધ પ્રકારની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. ઘણા ચાહકો કહે છે કે તેણે રાજકારણમાં પ્રવેશવું જોઈએ નહીં અને ફક્ત તેના કામ પર ધ્યાન આપવું જોઈએ.

એક સોશિયલ મીડિયા યુઝરે કોમેન્ટ સેક્શનમાં લખ્યું, 'રાખી સાવંત આના કરતા વધુ સારી દેખાવા લાગી છે.' એક વ્યક્તિએ કહ્યું, 'તમે તેને જે કંઈ પૂછો છો, તે તેની પાસે પહેલેથી જ છે.' અન્ય એક વ્યક્તિએ લખ્યું, 'હવે દેશનું શું થશે?' જ્યારે એકે સીધું કહ્યું કે તેણી કેટલી ફેંકે છે. સીધો ચુકાદો આપતી વખતે એકે લખ્યું, 'ના બહેન, તમે જ્યાં છો ત્યાં જ રહો.' આવી સ્થિતિમાં, સ્પષ્ટપણે સ્પષ્ટ છે કે ઉર્વશીના ચાહકો તેને રાજકારણમાં નહીં પણ ફિલ્મોમાં કામ કરતી જોવા માંગે છે.

# ઈબ્રાહિમ તેણે પસંદ કરેલા માર્ગથી હટશે નહીં : સારા અલી ખાન

મુંબઈ,
સારા અલી ખાનને અભિનય વારસામાં મળ્યો છે. પિતા સૈફ અલી ખાન, માતા અમૃતા સિંહ અને દાદી શર્મિલા ટાગોર હિન્દી સિનેમાના મહાન કલાકારો છે. સારા અલી ખાને પણ અત્યાર સુધી ઘણી ફિલ્મોમાં પોતાના અભિનયના પરાક્રમ બતાવ્યા છે. સારા હાલમાં તેની ફિલ્મ એ વતન એ વતનને લઈને ચર્ચામાં છે. તે જ સમયે, સારાની સાથે તેનો નાનો ભાઈ ઈબ્રાહિમ અલી ખાન પણ બોલિવૂડમાં પગ મૂકવાની તૈયારી કરી રહ્યો છે.

સારા બાદ હવે ઈબ્રાહિમને મોટા પડદા પર જોવા માટે દરેક લોકો ખૂબ જ ઉત્સાહિત છે. સારાએ પોતે ખુલાસો કર્યો હતો કે તેના ભાઈએ પણ તેની પ્રથમ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દીધું છે. હાલમાં જ ANIને આપેલા ઈન્ટરવ્યુ દરમિયાન સારાએ તેના ભાઈના ખૂબ વખાણ કર્યા હતા. આ સિવાય તેણે ઈબ્રાહિમને તેના ડેબ્યુ માટે શુભકામનાઓ પણ પાઠવી હતી. આ સિવાય સારાને પૂછવામાં આવ્યું કે શું તે તેના કામ દ્વારા તેના ભાઈ માટે કોઈ લક્ષ્ય નક્કી કરવા માંગે છે.



# ઉર્ફી જાવેદે શાહરૂખ સાથેની તસવીર શેર કરી અને લખ્યું - હું શાહરુખ ખાનને મળી

મુંબઈ,
સોશિયલ મીડિયા ઈન્ફલુઅન્સર અને ટીવી એક્ટ્રેસ ઉર્ફી જાવેદ અવારનવાર તેના કપડાના કારણે ચર્ચામાં રહે છે. ઉર્ફી જાવેદ પોતાની નવી ફેશન સેન્સ દ્વારા સરળતાથી દરેકનું ધ્યાન ખેંચે છે. ઉર્ફી જાવેદ દરરોજ તેની કળાના નમૂનાઓ બધાની સામે રજૂ કરતી રહે છે. દરેક વખતે અભિનેત્રી કંઈક અલગ લાવે છે અને લોકોને આશ્ચર્યચકિત કરે છે. પરંતુ આ દરમિયાન ઉર્ફી જાવેદે એક મોટી રમત કરી છે.

વાસ્તવમાં ઉર્ફી જાવેદે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં એક તસવીર શેર કરી છે. આ તસવીર તેની અને શાહરૂખ ખાનની છે. ફોટો જોઈને લાગે છે કે શાહરૂખ ઉર્ફી સાથે ફોટોઝ ક્લિક કરી રહ્યો છે. થોડી જ વારમાં ઉર્ફી અને શાહરૂખની તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થવા લાગી. જે બાદ આ તસવીર યુઝર્સને પરેશાન કરવા લાગી હતી. યુઝર્સને આ તસવીરમાં કંઈક અજીબ જોવા મળ્યું. જે બાદ ખબર પડી કે આ તસવીર સંપૂર્ણપણે ફેક છે.

શાહરૂખ ખાન સાથે તેની બ્લેક એન્ડ વ્હાઈટ તસવીર શેર કરતી વખતે ઉર્ફી જાવેદે લખ્યું, મારી ફેવરિટ સાથે મળી. પરંતુ તમને જણાવી દઈએ કે, ઉર્ફી જાવેદનો આ ફોટો સંપૂર્ણપણે ફેક છે. અભિનેત્રીએ શાહરૂખની તસવીર સાથે તેની તસવીર એડિટ કરી છે. તેણે એક એડિટિંગ એપ દ્વારા આ અદ્ભુત કામ કર્યું છે. એક એપ છે જેના પર શાહરુખ ખાનના ચહેરાનું ફિલ્ટર છે, જેના દ્વારા કોઈપણ વ્યક્તિ શાહરુખ સાથે સેલ્ફી લઈ શકે છે. એટલે કે જો તમે એપ ડાઉનલોડ કરીને ફોટો ક્લિક કરો છો, તો તમે પણ ઉર્ફીની જેમ ઘરે બેસીને શાહરૂખને મળી શકો છો.

જોકે, ઉર્ફી જાવેદની આ તસવીર ઘણી હદ સુધી વાસ્તવિક લાગે છે. તાજેતરમાં ઉર્ફી જાવેદે રમઝાનમાં ઉપવાસને લઈને નિવેદન આપ્યું હતું. તેણીએ કહ્યું હતું કે તે ઉપવાસ નથી રાખતી. આ મુદ્દે કેટલાક લોકોએ ઉર્ફીને ઠપકો આપ્યો હતો. કેટલાક યુઝર્સે પણ તેને સપોર્ટ કર્યો હતો.

# ડુંગળીની બોરીઓની આડમાં લવાતો વિદેશી દારૂ, બિયરનો જથ્થો ઝડપાયો

## વરતેજ પોલીસે રૂ.૧૧.૬૮ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સની કરી ધરપકડ

ભાવનગર તા.૨૬

ભાવનગરના નારી ગામ પાસેથી વરતેજ પોલીસે ડુંગળીની બોરીની આડમાં છુપાવેલા વિદેશી દારૂ અને બિયરના જથ્થા ભરેલા ટ્રક સાથે બે શખ્સની ધરપકડ કરી કુલ રૂપિયા ૧૧.૬૧ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

વરતેજ પોલીસ સ્ટાફ શનિવારે મોડી રાત્રે પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે, ધોલેરા તરફથી ડુંગળીની બોરીઓની આડમાં વિદેશી દારૂ અને બિયરનો જથ્થો છુપાવી એક ટોરસ ટ્રક ભાવનગર તરફ આવી રહ્યો છે, જે બાતમીના આધારે વરતેજ પોલીસે વોચમાં રહી નારી ગામ નજીક બાતમી વાળા ટોરસ ટ્રક નંબર ખ્રદ્ધ ૦૪ એટી ૮૦૫૧ ને અટકાવી ટ્રકની તલાશી લેતા ટ્રકની અંદર રાખેલ ડુંગળીની બોરીઓ નીચે છુપાવેલ વિદેશી દારૂની બોટલ નંગ ૨૬૮ તેમજ બિયર ના ટીન નંગ ૩૬૦ મળી આવ્યા હતા.








વરતેજ પોલીસે ઇંગ્લિશ દારૂનો જથ્થો, બિયરના ટીન, મોબાઈલ નં.૦૨, રોકડા રૂપિયા ૫૦૦, ડુંગળીની બોરી નંગ ૨૯૧ તેમજ ટ્રક મળી કુલ રૂપિયા ૧૧,૬૮,૫૬૦/- ના મુદ્દા માલ સાથે રાજેશ રોશનલાલ ખટીક ( રહે. ચિત્રા મસ્તરામબાપા મંદિરની બાજુમાં ) તેમજ દિનેશ મૂળજીભાઈ રાઠોડ ( રહે. કુંભારવાડા બાનુબેન ની વાડી, શેરી નંબર ૨ ) ની ધરપકડ કરી દારૂનો જથ્થો ભરી આપનાર આદિત્ય કૈલાશ દેશમુખ રહે. નાશિક વિરુદ્ધ પણ પ્રોહિબિશન ની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## શિશુવિહારમા પૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલન સાથે હોળીની ઉજવણી



શિશુવિહાર ખાતે પૂર્વ વિધ્યાર્થીઓના સ્નેહમિલન સાથે દર વર્ષની પરંપરા મુજબ હોળી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. હરીશભાઈ ભટ્ટ અને કમલેશભાઈ વેગડના માર્ગદર્શન નીચે ક્રિડાંગણના તાલીમાર્થીઓ દ્વારા ડંબેલ્સ, લેઝીમ, પિરામિડ અને લાઠીના પારંપરિક ભારતીય વ્યાયામનું નિદર્શન થયું આ પ્રસંગે શિશુવિહારની પ્રથમ ટુકડીના વિદ્યાર્થી સ્વ. મહાશ્વેતાબેન ત્રિપાઠીની સ્મૃતિમાં રોટરી રાઉન્ડ - ટાઉનના પૂર્વ પ્રમુખ હરીશભાઈ ભટ્ટ , ચિદાનંદ પ્રાર્થના મંડળના સંયોજક વર્ષાબહેન શુક્લ તથા ડૉ.પ્રદીપભાઈ ત્રિવેદીનું વિશિષ્ટ અભિવાદન થયું હતુ.સંસ્થાના પ્રમુખ રાજેન્દ્રભાઈ દવે, બકુલભાઈ ચાતુર્વેદી, શબનમ બહેન કપાસીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સમારોહમાં ૧૦ સ્કાઉટ તાલીમાર્થી ઓનું નિયમિત વિદ્યાર્થી તરીકે અભિવાદન થયું તથા મુબંઈ સ્થિત શારદાબહેન હર્ષદરાય પંડ્યા તરફથી વિદ્યાર્થી ઓને શૂઝ વિતરણ કરવામાં આવ્યું હતું. હોળી પ્રાગટ્ય અને ધાણી ખજૂર દાળીયાના પ્રસાદ સાથે આનંદભેર યોજાયેલ સમારોહમાં ૫ દસકાની આયુષ વટાવી ગયેલા બધા વિદ્યાર્થીઓએ ફાગણ ના ગીતો પણ ગયા પ્રતિવર્ષ યોજાતા પૂર્વ વિદ્યાર્થીઓના ભાવાત્મક કાર્યક્રમનું સંચાલન ભાવનાબહેન પંડ્યાએ કર્યું હતું

## ગાયત્રીનગરમાં હોળી ઉત્સવની ઉજવણી



ભાવનગર શહેરના ઘોઘારોડ ગાયત્રીનગર વિસ્તારમાં મઢુલી ગ્રુપ દ્વારા પરંપરાગત હોળીની ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે પણ હોલિકા દહનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી .જેનો ગાયત્રીનગર વિસ્તારની સત્યનારાયણ, લક્ષ્મીનારાયણ , નીલકંઠનગર, પાર્થ સોસાયટી, શ્રીરામ સોસાયટી સહિતના વિસ્તારના ભાઈઓ, બહેનોએ દર્શન કરી લાભ લીધો હતો. કાર્યક્રમના સફળ આયોજનમાં મઢુલી ગ્રુપના પીન્ટુભાઇ કુશવાહા, હાર્દિક વાઘેલા, મીત ઓઝા, અભિજીત રાઠોડ, નિસર્ગ ખરેડી સહિત કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

## સરતાનપર જોળ પ્રા. શાળામાં ધુળેટી પર્વની કરાઈ ઉજવણી



સરતાનપર જોળ પ્રા શાળામાં હોળી અને ધૂળેટીના પર્વની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિમાં પર્વો અને મહોત્સવનું અનેરું મહત્ત્વ રહેલું. ત્યારે શાળાના બાળકો સાથે હોળી પર્વની ઉજવણી કરી બાળકોને તેની કથા સહિત મહાત્મ્ય વિશે માહિતગાર કરાયા હતા. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગલીધો હતો.

## તળાજામા દિવ્યાંગ બાળકો દ્વારા ધૂળેટીની ઉજવણી



પી.એન.આર સોસાયટી સંચાલિત તળાજા ખાતે ચાલતા મગજના લકવાગ્રસ્ત તેમજ મંદબુદ્ધિ દિવ્યાંગ બાળકોના કેન્દ્ર ઉપર હોળી-ધુળેટીના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી તેમાં દિવ્યાંગ બાળકો દ્વારા એક બીજાને તિલક કરીને અને ફુલથી હોળી રમ્યા હતા. અંતમાં બાળકોને ખજૂર-દાળિયા અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમનું સંચાલન સેન્ટરના પંકજભાઈ કટકીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ટાણા ખાતે પરંપરાગત રીતે યોજાયો હોળીકા દહન યજ્ઞ

સિહોરના ટાણા ગામે ગાયત્રી પરિવાર તેમજ હોળીકા ઉત્સવ સમતિ અને ટાણા ગામ સમસ્ત દ્વારા હોલીકા દહન-યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમા પુજન માટે આ વર્ષે થયેલા લગ્નના નવા યુગલ દંપતી મુખ્ય યજમાન તરીખે સહભાગી બનેલ. આ ટાણા ગામની ૩૦ વર્ષ થી પરંપરા ચાલી આવે છે ત્યારે ટાણાના દરેક સમાજના આગેવાનો વડીલો યુવાનો ભાઈ બહેનો આ હોળીકા ઉત્સવ તહેવારમાં મોટી સંખ્યામાં સહભાગી બન્યા હતા.

## સિદસર સંન્યાસ આશ્રમમાં ગુરુમૂર્તિની મહાપુજા, રક્તદાન કેમ્પ તેમજ સત્સંગ સમારોહ યોજાયો

### ૧૧૩ લોકો દ્વારા કરાયું રક્તદાન મહાદાન

ભાવનગર, તા.૨૬

માનવસેવાનાં પ્રખર હિમાયતી પરોપકારમય જીવન જીવવાનાં પ્રખર ઉપદેશક સંન્યાસ ધર્મનાં કઠિન નિયમોને સ્વજીવનમાં આચરીને સમાજને સર્વાંગિણ વિકાસનો એવં આત્મકલ્યાણનો સરળ માર્ગ બતાવનાર સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજ દ્વારા સૌરાષ્ટ્ર- ગુજરાતમાં પ્રસ્થાપિત સિદસરના પરમહંસ સંન્યાસ આશ્રમમાં વિશ્વનાથ મહાદેવનાં સાન્નિધ્યમાં સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજની ઉપસ્થિતિમાં રંગોત્સવનાં પાવન પર્વે આશ્રમનાં નવનિર્મિત સુંદર ગુરુમંદિરમાં પૂજયપાદ સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજની પાવન મૂર્તિની પધરામણી, મહાપૂજા તેમજ મહાઆરતીનો દિવ્ય કાર્યક્રમ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ગુરુભક્તો દ્વારા ગુરુભક્તિ ભાવથી સંપન્ન થયો. આ સાથે 'સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ -ટીંબી'નાં લાભાર્થે આયોજિત રક્તદાન કેમ્પમાં ૧૧૩ સેવાભાવી રક્તદાતાઓએ રક્તદાન કરી ખરા અર્થમાં ગુરુચરણોમાં ગુરુ દક્ષિણા અર્પણ કર્યાનો આનંદ પ્રાપ્ત કર્યો.

આ પ્રંસગે પૂજયપાદ સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ જીએ ગુરુપૂજાનો મર્મ, હેતુ, લાભ તેમજ ગુરુ મહિમા વગેરે વિષયો પર મર્મભેદક પ્રવચન કરી શ્રોતાજનોને મંત્રમુગ્ધ કર્યા હતા. ૮૦૦ જેટલા ભાવિક ભક્તોએ આ પ્રસંગે આશ્રમનાં પવિત્ર પટાંગણમાં સામૂહિક ભોજનપ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી. સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ મંડળ - સિદસરના સર્વે યુવા સભ્યોએ જહેમત ઉઠાવી સર્વે કાર્ય ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન કર્યું હતું.

## ભાવ.યુનિ.ની ૧૧૦ કોલેજોમાં સ્નાતક કક્ષાએ પ્રવેશ પ્રક્રિયાનો થશે પ્રારંભ

### અનુસ્નાતક કક્ષાએ ૧૮ ભવનો અને ૫૯ પીજી સેન્ટરોમાં પ્રવેશ પ્રક્રિયાની તારીખ ટુંક સમયમા જાહેર

ભાવનગર, તા.૨૬

ગુજરાત સરકાર દ્વારા રાજયની તમામ સરકારી યુનિવર્સિટીઓ માટે કોમન એક્ટ લાગુ કરવામાં આવ્યો છે આથી રાજયની તમામ સરકારી યુનિવર્સિટીઓ માટે પ્રવેશ પરીક્ષા માટે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના પ્રવેશ માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસ (ગ્ઝ્રછજી) દ્વારા પ્રવેશ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે જે અન્વયે સ્નાતક કક્ષાના પ્રવેશ માટેની પ્રક્રિયા આગામી પહેલી એપ્રિલ ૨૦૨૪થી શરૂ થશે આ અંગે વિદ્યાર્થીઓને વિવિધ વિદ્યા શાખા જેવી કે આર્ટસ, કોમર્સ, સાયન્સ, મેનેજમેન્ટ, લો, એજ્યુકેશન અને રૂરલના સ્નાતક અને અનુસ્નાતક કોર્સમાં પ્રવેશ માટે પહેલી એપ્રિલ ૨૦૨૪થી બેઝિક માહિતી સાથે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે આ નિયમ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીને પણ લાગુ પડશે.જીસીએએસ એડમિશન સેલ જીસીએએસ ગ્રીવન્સ રિડ્રેસલ સેલ અને તમામ કોલેજ કક્ષાએ હેલ્પ સેન્ટરની રચના કરવામાં આવી છે. મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંચાલિત તેમજ સંલગ્ન સરકારી અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો મળીને કુલ ૧૧૦ કોલેજોમાં સ્નાતક કક્ષાએ અને અનુસ્નાતક કક્ષાએ ૧૮ ભવનો અને ૫૯ પીજી સેન્ટરો ખાતે પ્રવેશ પ્રક્રિયા આગામી દિવસોમાં જીસીએએસ મારફત કરવામાં આવશે.

## રોંગ સાઈડમાં આવી રહેલા બોલેરો પિકઅપ અડફેટે બાઈક ચાલકનું મોત

ભાવનગર તા.૨૬

વેળાવદર ભાલ તાબેના માઢીયા ગામ નજીક રોંગ સાઈડમાં આવેલા બોલેરો પીકઅપ અને બાઈક વચ્ચે અકસ્માતની ઘટનામાં યુવકનું ગંભીર ઈજા થવાથી મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના નારી ગામમાં આવેલ જુના બસ સ્ટેન્ડ પાસે રહેતા અમિતભાઈ લક્ષ્મણભાઈ પડાયા ( ઉ. વ. ૩૨ )) ગઈકાલે તેમનું હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ નં. gj 04 dq 56 45 લઈને નારી ગામથી માઢીયા ગામ તરફ જતા હતા તે દરમિયાન માઢીયા ગામ પહેલા રોંગ સાઈડમાં આવી રહેલા બોલેરો પીકઅપ નં. gj 04 aw6236 સાથે અકસ્માત થતાં અમિતભાઈ ને ગંભીર ઈજા પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી બોલેરો પીકઅપ નો ચાલક ફરાર થઈ ગયો હતો.

આ બનાવ અંગે મૃતકના ભાઈ રમેશભાઈ લક્ષ્મણભાઈ પડાયા એ બોલેરો પીકઅપ ના ચાલક વિરુદ્ધ વરતેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## પીથલપુર ગામે છોટે મોરારિબાપુના વ્યાસાસને ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ



ભાવનગર, તા.૨૬

તળાજા તાલુકાના પીથલપુર ગામે ગામ સમસ્ત તથા મોક્ષધામ સેવા સમિતિના સંયુક્ત ઉપક્રમે આજે તા.૨૬ને મંગળવારથી સર્વજ્ઞાતિ પિતૃ મોક્ષાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થયો છે. કુંઢેલીવાળા પૂ.રામકૃષ્ણશાસ્ત્રી (છોટે મોરારિબાપુ) પોતાની આગવી શૈલીમાં ભાગવત સપ્તાહનું રસપાન કરાવી રહ્યા છે.

ભાગવત સપ્તાહમાં કપીલ જન્મ, નરસિંહ જન્મ, વામન જન્મ, રામ જન્મ, કૃષ્ણ જન્મ, ગોવર્ધન પૂજા અને કૃષ્ણ-રૂક્ષમણી વિવાહ સહિતના પ્રસંગો ધામધૂમથી ભાવભેર ઉજવાશે. ભાગવત સપ્તાહ દરમિયાન તા.૨૮ને ગુરૂવારે રાત્રે સંતવાણી લોકડાયરો તથા તા.૩૦ને શનિવારે રાત્રે ભક્તિરસ ડાકડમરૂનો કાર્યક્રમ રાખેલ છે. જ્યારે સોમવાર તા.૧ એપ્રિલના પીથલપુર ગામનો ગામ ધુમાડો બંધ રાખેલ છે. પીથલપુરમાં સ્વ.હરિભાઈ લાલાભાઈ કુચાની વાડી ગોપનાથ રોડ ખાતે આયોજીત ભાગવત સપ્તાહ સવારે ૯ થી ૧૨ અને સાંજે ૩ થી ૬ રહેશે.

## કુંભારવાડામાં માથાકૂટની દાઝે આધેડ ઉપર કરાયો હુમલો

ભાવનગર તા.૨૬

ભાવનગરના કુંભારવાડા, નારી રોડ વિસ્તારમાં રહેતા અને ઠંડા પીણા ની દુકાન ધરાવતા મનોજસિંહ સહદેવસિંહ જાડેજા ગઈકાલે બપોરે તેમના દુકાને હાજર હતા તે દરમિયાન ગતરાત્રીના ક્રિકેટ રમવા બાબતે તેમના દીકરા સાથે થયેલ માથાકૂટની દાજ રાખી વિજયસિંહ ચંદુભા જાડેજા અને શક્તિસિંહ હરિસિંહ ગોહિલે તેમની દુકાને આવી ઢીકા પાટુનો માર મારી દુકાનનું બેનર ફાડી જાનથી મારી નાખવાની ધમકી આપતા મનોજસિંહ સહદેવ સિંહ જાડેજાએ બંને ઈસમો વિરુદ્ધ બોર તળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી..

## સમાજશાસ્ત્રના પેપર બાદ સાંજે ધો.૧૨ સા.પ્ર.ની પરીક્ષા થશે પુર્ણ

### સવારે રાજ્ય શાસ્ત્રના પેપરમા નવ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા

ભાવનગર, તા.૨૬

ગુજરાત રાજય માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિભાગ દ્વારા તારીખ ૧૧ માર્ચથી શરૂ થયેલી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં આજે સામાન્ય પ્રવાહમાં રાજ્યશાસ્ત્રનુ પેપર લેવાયું હતું. જ્યારે બપોર બાદ સમાજશાસ્ત્રનુ છેલ્લું પેપર લેવાયા બાદ પરીક્ષા સંપન્ન થશે.ગત તારીખ ૧૧ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થઈ હતી જેમાં ૨૨ માર્ચે ધોરણ ૧૦ની તેમજ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પૂર્ણ થયેલ હતી જ્યારે આજે તારીખ ૨૬ માર્ચના રોજ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની રાજ્યશાસ્ત્ર વિષયની પરીક્ષા લેવાઈ હતી જેમાં કુલ નોંધાયેલા ૬૯૮ વિદ્યાર્થીઓ પૈકી ૬૮૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને નવ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. આજે બપોર બાદ સમાજશાસ્ત્રના પેપર સાથે જ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું સમાપન થશે. અને વિધ્યાર્થીઓ પરીક્ષાના ભારથી હળવા થશે.

## મતદાન માટે ફોટો ઓળખકાર્ડ ઉપરાંત અન્ય ૧૨ દસ્તાવેજો માન્ય રહેશે

ભાવનગર, તા.૨૬

લોકસભાની ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભાની પેટા ચૂંટણી દરમિયાન મતદાન કરવા માટે EPIC ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાન માટે અન્ય ૧૨ દસ્તાવેજો પણ માન્ય કરવામાં આવ્યા છે.

મતદાનના દિવસે મતદારની ઓળખ માટે મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC રજૂ કરવાનું રહેશે. આ દસ્તાવેજોમાં આધાર કાર્ડ, મનરેગા હેઠળ આપવામાં આવતા જોબ કાર્ડ, બેંક/પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક, શ્રમ મંત્રાલયની યોજના હેઠળ આપવામાં આવેલ હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, એન.પી.આર અન્વયે આર.જી.આઈ દ્વારા ઈસ્યુ કરેલ સ્માર્ટ કાર્ડ, ઈન્ડિયન પાસપોર્ટ, ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેંટ, કેન્દ્ર/રાજ્ય સરકાર/જાહેર ક્ષેત્ર ઉપક્રમો/જાહેર લિમિટેડ કંપનીઓએ કર્મચારીઓને ઈસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો, સંસદસભ્યો/ધારાસભ્યો/વિધાન પરિષદના સભ્યોને ઈસ્યુ કરેલા સરકારી ઓળખપત્રો અને ભારત સરકારના Unique Disability ID(UDID) કાર્ડનો સમાવેશ થાય છે, જે રજૂ કરી મતદાન કરી શકાશે. વધુમાં બિનનિવાસી ભારતીયોની જો મતદાર તરીકે નોંધણી કરેલ હોય તો તેઓએ મતદાન મથકે ફક્ત "અસલ પાસપોર્ટ" રજૂ કરી તેમની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે.

## મિલિટરી સોસાયટીના યુવક ઉપર બે શખ્સનો ધોકા વડે હુમલો

ભાવનગર તા.૨૬

ભાવનગરની મિલિટરી સોસાયટીમાં રહેતા મિતરાજસિંહ હરદેવસિંહ ગોહિલને ચાર વર્ષ પહેલા ધર્મેન્દ્રસિંહ સરવૈયા સાથે માથાકૂટ થયેલી તે બાબતની દાજ રાખી ધર્મેન્દ્રસિંહના મિત્રો મયુરસિંહ મહાવીર સિંહ ગોહિલ અને કનકસિંહ ગોગો ભા ગોહિલે ધોકા વડે માથાના ભાગે તેમજ પગના ભાગે માર મારી ઈજા કરતા મિતરાજસિંહ ગોહિલે બંને વિશ્વમાં વિરુદ્ધ ગોર તળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અવસાન નોંધ

**સિંધી મરણ**

ભાવનગર નિવાસી મહેશભાઈ વિજયકુમાર ચોઇથાણી (ઉ.વ.૫૦) કે જેઓ વિજયકુમારના પુત્ર થાય તેમજ લાલચંદભાઈ, હરેશભાઇ, બલુભાઈ, શ્યામભાઈના ભાઈ થાય તેમજ રમેશભાઈના ભત્રીજા થાય તેમનું તા. ૨૩ને શનિવાર ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તારીખ ૨૬ને મંગળવારના રોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ સુધી ભાઈઓ બહેનો માટે સાથે મંગતરામ હોલ, નવજવાન સિંધી સેવા મંડળ, સિન્ધુનગર, ભાવનગર મુકામે રાખેલ છે.

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર**

**અરજી નં.૨૬/૨૦૨૪**
**જ.તા.૨૮/૦૯/૧૯૮૩**

**શ્રી સાહેદાબેન મહમદરફીકભાઈ કુરેશી**
**રહે. દાતીયાવાળી શેરી, દવેનો ડેલો, રાણીકા,**
**બાર્ટન લાઈબ્રેરી, ભાવનગર** **...અરજદાર**

**વિરૂદ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી,**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,** **...સામાવાળા**
**ભાવનગર.**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સાહેદાબેન મહમદરફીકભાઈ કુરેશી રહે. દાતીયાવાળી શેરી, દવેનો ડેલો, રાણીકા, બાર્ટન લાઈબ્રેરી ભાવનગર તેમના પુત્ર મહમદઝહીર મહમદરફીક કુરેશીનો જન્મ તા.૨૮/૦૯/૧૯૮૩ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમિયાન રજુ કરવાનું રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજરોજ તા.૧૯/૦૩/૨૦૨૪ માહેઃ માર્ચ સને ૨૦૨૪નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ભાવનગર. સિટિ**

# ઉનાળામાં ગંભીર જળ સંકટ સર્જાવાના એંધાણ દેશના જળાશયોમાં ફક્ત ૩૮ ટકા જ પાણી બચ્યું



નવીદિલ્હી,

કેન્દ્રીય જળ કમિશનના લેટેસ્ટ બૂલેટીનમાં ઉનાળા પહેલાં ઘટી ગયેલા પાણીના જથ્થા બાબતે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ઉનાળા પહેલાં ઓછો પાણીનો જથ્થો બચ્યો છે. દેશના ૧૫૦ મોટાં જળાશયોના જળસ્તરના આધારે રજૂ થયેલા અહેવાલ પ્રમાણે હવે માત્ર ૩૮ ટકા પાણીનો જથ્થો જ બચ્યો છે એટલે ઉનાળામાં ઠેર-ઠેર પાણીની અછત સર્જાય તેવી ભીતિ છે. બેંગ્લુરુમાં પાણીનું ગંભીર જોખમ સર્જાયું છે. બેંગ્લુરુમાં ૧૪ હજાર કરતાં વધુ બોરવેલ છે, એમાંથી ૬૯૦૦ એટલે કે અડધો અડધ સૂકાઈ ગયા છે.

બેંગ્લુરુમાં દરરોજ ૨૬૦૦ એમએલડી પાણીની જરૂરિયાત સામે અત્યારે માત્ર ૫૦૦ એમએલડી પાણી મળે છે, પરિણામે લોકોને ગંભીર અછતનો સામનો કરવો પડી રહ્યો છે. બેંગ્લુરુ જેવી જ સ્થિતિ દેશભરમાં ન સર્જાય તે માટે અત્યારથી ચેતવણી આપવામાં આવી છે. કેન્દ્રીય જળ આયોગના લેટેસ્ટ બૂલેટીન પ્રમાણે દેશના મોટાં ૧૫૦ જળાશયોમાં ગત વર્ષની તુલનાએ આ વર્ષે ઓછું પાણી વધ્યું છે. ૧૫૦ જળાશયોની લાઈવ સ્ટોરેજ ક્ષમતા ૨૫૭ અબજ ક્યૂબિક મીટર છે. એમાંથી કર્ણાટક, હિમાચલ પ્રદેશ, પંજાબ, મધ્યપ્રદેશ, ત્રિપુરા, રાજસ્થાન, બિહાર, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, ગુજરાત, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને તેલંગણા જેવા મોટા રાજ્યોમાં ૧૭૮ અબજ ક્યૂબિક મીટરની ક્ષમતા છે. દેશમાં અત્યારે કુલ સ્ટોરેજ ક્ષમતામાંથી માત્ર ૩૮ ટકા પાણીનો જથ્થો જ બચ્યો છે. ગત વર્ષે આ જ ગાળામાં વધારે પાણી બચ્યું હતું. અહેવાલનું માનીએ તો અત્યારે ૬૭.૫૯૧ અબજ ક્યૂબિક મીટરનો જથ્થો છે. ગયા વર્ષે ઉનાળા પહેલાં ૮૦.૫૫૭ અબજ ક્યૂબિક મીટર પાણી બચ્યું હતું. છતાં ઘણાં રાજ્યોમાં પાણીની અછતનો સામનો કરવો પડયો હતો. આ વખતે તેનાથી ઓછો જથ્થો વધ્યો હોવાથી જળસંકટ ઘેરું બનશે. દેશની સ્ટોરેજ ક્ષમતામાં સરેરાશ ગત વર્ષની સરખામણીએ ૩૯ ટકાનો ઘટાડો નોંધાયો છે. દશકામાં સરેરાશ ૩૨ ટકાનો ઘટાડો થયો છે. વર્ષ દર વર્ષે સતત સ્ટોરેજ ઘટી રહ્યું હોવાથી પાણીની કટોકટીનું જોખમ મંડરાઈ રહ્યું છે

# કોંગ્રેસ નેતા શ્રીનેતે કંગના રનૌત પર અભદ્ર કમેન્ટ કરતા રાજકારણમાં ગરમાવો



કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેત દ્વારા ફિલ્મ અભિનેત્રી કંગના રનૌત પર અભદ્ર પોસ્ટ કરતાં રાજકારણમાં ગરમાવો આવ્યો છે. મંડી સીટ પરથી ભાજપની ઉમેદવાર બનાવવામાં આવેલી કંગના રનૌતના પક્ષમાં ભાજપના નેતાઓ કોંગ્રેસ નેતા પર આકરા પ્રહાર કર્યા છે.

અભિનેત્રી કંગના રનૌતને લઈને અભદ્ર પોસ્ટ કરવા પર હવે રાષ્ટ્રીય મહિલા આયોગ પણ એક્શનમાં આવ્યું છે. NCWનું કહેવું છે અભિનેત્રી કંગના રનૌત વિરૂદ્ધ ટિપ્પણી કરવા બદલ કમિશન કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેત સામે ચૂંટણી પંચ પાસે કાર્યવાહીની માંગ કરશે. આ સમગ્ર મામલે કંગના રનૌતે પણ સુપ્રિયા શ્રીનેત જોરદાર જવાબ આપ્યો છે. કંગનાએ કહ્યું કે દરેક મહિલા તેના સન્માનની હકદાર છે.

દરમિયાન, NCW અધ્યક્ષ રેખા શર્માએ કહ્યું કે તેઓ આ અંગે ચૂંટણી પંચનો સંપર્ક કરશે. ભાજપના સભ્ય તજિન્દર બગ્ગા દ્વારા ટ્વિટર પર ઉઠાવવામાં આવેલા મુદ્દાના જવાબમાં શર્માએ લખ્યું, કંગના રનૌત, તમે યોદ્ધા અને ચમકતા સ્ટાર છો. જે લોકો અસુરક્ષિત અનુભવે છે તેઓ ખરાબ કામ કરે છે.

# ઈઝરાયેલી બોમ્બ વર્ષામાં ૮૨ના મોત

સંયુક્ત રાષ્ટ્ર,

છેલ્લાં પાંચ મહિનાથી ચાલી રહેલાં ઈઝરાયલ-હમાસ યુદ્ધનો કોઈ અંત દેખાતો નથી. ઈઝરાયલી બોમ્બમારામાં છેલ્લાં ૨૪ કલાકમાં ૮૨નાં મોત થયા છે. આ સાથે હજી સુધીમાં નોંધાયેલાં મૃત્યુનો આંક ૩૨૦૭૦ સુધી પહોંચી ગયો છે. ઘાયલોની સંખ્યા ૭૪,૨૯૮ થઈ છે. પરંતુ આ આંકડાઓમાં પણ વધારો થવાની ભીતિ રહેલી છે.

ગાઝામાં નરસંહાર રોકવા માટે સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિમાં યુદ્ધ વિરામનો પ્રસ્તાવ રજૂ કરાયો હતો. પરંતુ ચીન અને રશિયાએ પોતાનાં 'વીટો-પાવર' વાપરી તે ઉડાડી દીધો. અમેરિકા દ્વારા રજૂ કરાયેલો આ પ્રસ્તાવ ઉડી જતાં હવે ગાઝામાં શાંતિ સ્થાપવી મુશ્કેલ બન્યું છે. ૧૫ સભ્યોની બનેલી આ સલામતી સમિતિમાં ૧૧ સભ્યોએ તેની તરફેણમાં મત આપ્યો હતો. ત્રણે વિરોધમાં મત આપ્યો હતો, જ્યારે એક સભ્યે મતદાન કર્યું ન હતું. તદાન પહેલાં જ રશિયાના યુનો સ્થિત રાજદૂત વાસીલી નોબેન્જિયાએ કહ્યું હતું કે 'રશિયા ગાઝામાં તત્કાળ યુદ્ધ વિરામ થાય તેમ તો ઈચ્છે જ છે, પરંતુ અમારે તે પ્રસ્તાવની ભાષા સામે વિરોધ છે.'

# મહાકાલ મંદિરમાં આગની ઘટનામાં સહાયની જાહેરાત

**ગર્ભગૃહમાં આગ લાગતા ૧૪ પૂજારીઓ દાઝ્યાં હતા : પીએમ મોદીએ ઘટનાને ખૂબ જ દર્દનાક ગણાવી**



પ્રતિકાત્મક તસ્વીર

મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં સ્થિત મહાકાલ મંદિરમાં સોમવારે ભસ્મ આરતી દરમિયાન લાગેલી આગમાં સેવકો સહિત ૧૪ પૂજારી દાઝી ગયા હતા. ઉજ્જૈનના કલેક્ટર નીરજ કુમાર સિંઘે જણાવ્યું હતું કે પૂજા થાળીમાં સળગતા કપૂર ધરાવતો ગુલાલ અથવા રંગીન પાવડર સવારે ૫:૫૦ વાગ્યે પડ્યો ત્યારે આગ લાગી હતી. મુખ્યમંત્રી મોહન યાદવે આ ઘટનામાં દરેક ઘાયલ વ્યક્તિને ૧ લાખ રૂપિયાની આર્થિક સહાય અને મફત સારવારની જાહેરાત કરી. મુખ્યમંત્રીએ કહ્યું કે ઘાયલોને શ્રેષ્ઠ ઉપલબ્ધ સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે વહીવટીતંત્ર શક્ય તમામ પ્રયાસો કરશે.

કલેક્ટરે કહ્યું, "ચૌદ પૂજારીઓ દાઝી ગયા. પૂજાની થાળી પર 'ગુલાલ' પડતાં આગ ફાટી નીકળી હતી, જેમાં સળગતું 'કપૂર' હતું. બાદમાં આગ ફ્લોર પર ફેલાઈ ગઈ અને જવાળાઓમાં ફેરવાઈ ગઈ.તેમણે કહ્યું કે કેટલાક ઘાયલોની અહીં જિલ્લા હોસ્પિટલમાં સારવાર કરવામાં આવી રહી છે, જ્યારે અન્ય આઠ લોકોએ ઈન્દોરમાં સારવાર લીધી છે. કલેક્ટર નીરજ કુમાર સિંઘે વધુમાં જણાવ્યું હતું કે મેજિસ્ટ્રિયલ તપાસનો આદેશ આપવામાં આવ્યો છે.

# મુંબઈ પોલીસે એક મહિનામાં ૩.૨૫ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું : ૧૨ની ધરપકડ

મુંબઈ,

મુંબઈ પોલીસના એન્ટી-નાર્કોટિક્સ સેલે છેલ્લા એક મહિનામાં ૩.૨૫ કરોડ રૂપિયાની અંદાજિત શેરી કિંમત સાથે ૧૬ કિલો માદક દ્રવ્યોનો જથ્થો જપ્ત કર્યો છે અને આ સંદર્ભે ૧૨ દાણચોરોની ધરપકડ કરી છે. એક અધિકારીએ આ માહિતી આપી. છદ્વઝના એક અધિકારીએ જણાવ્યું કે, સહર ગામ, નાલાસોપારા, સાંતાક્રુઝ, કુર્લા, ભાયખલા અને અન્ય વિસ્તારોમાંથી લોકોની ધરપકડ કરવામાં આવી છે.તેમણે કહ્યું કે મેફેડ્રોન, હેરોઈન અને ગાંજા સહિત વિવિધ જથ્થામાં નશીલા પદાર્થો જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસે સહર ગામમાંથી એક, નાલાસોપારામાંથી બે, સાંતાક્રુઝમાંથી ત્રણ, દક્ષિણ મુંબઈમાંથી બે, ભાયખલામાંથી એક અને કુર્લામાંથી એક નાઈજિરિયન નાગરિક સહિત બે લોકોની ધરપકડ કરી છે અને તેમના કબજામાંથી રૂ. ૨.૨૪ કરોડ રિકવર કર્યા છે, એમ અધિકારીએ જણાવ્યું હતુ.

તેમણે જણાવ્યું કે ગાંજા અને હિરોઈનની રિકવરી બાદ અંધેરીમાંથી અન્ય એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.

# ઓબીસી સંગઠનના જૂથોએ બિનશરતી કોગ્રેંસના ગઠબંધનને સમર્થનની કરી જાહેરાત

**ઓબીસી ભારતીય મહાગઠબંધનના નેતાઓનું નેતૃત્વ ગઠબંધન પ્રમુખ અને પૂર્વ સાંસદ રાજકુમાર સૈનીએ કર્યું હતું**

નવીદિલ્હી,

ઈન્ડિયા ગઠબંધનના સહકારમાં એક સંગઠનનો ઉમેરો થયો છે.ઈન્ડિયા ગઠબંધનને ઓબીસી સંગઠનનોનો સાથ મળ્યો.ઓબીસી સંગઠનના જૂથોએ કોગ્રેંસના ગઠબંધનને બિનશરતી સમર્થનની જાહેરાત કરી. એકબાજુ અનેક નેતાઓ કોંગ્રેસના સાથ છોડી રહ્યા છે ત્યારે કોંગ્રેસની મદદે પછાત વર્ગો આવ્યા છે. પછાતવર્ગના જૂથના સંગઠનના અધ્યક્ષે કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને મળ્યા હતા. મલ્લિકાર્જુન ખડગેના ઘરે યોજાયેલી આ બેઠકમાં પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી પણ હાજર રહ્યા હતા. કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ સાથે મુલાકાત થયા બાદ ઓબીસી સંગઠનને બિનશરતી સમર્થનની જાહેરાત કરી.ઓબીસી સંગઠનમાં અન્ય પછાત વર્ગોના હિતોનું પ્રતિનિધિત્વ કરતી ૩૦ થી વધુ સંસ્થાઓનું જૂથ છે.

ઓબીસી ભારતીય મહાગઠબંધનના નેતાઓનું નેતૃત્વ ગઠબંધન પ્રમુખ અને પૂર્વ સાંસદ રાજકુમાર સૈનીએ કર્યું હતું.

# ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસના પીએના નામે કરી ૧૫ લાખની છેતરપિંડી

મુંબઈ,

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા પીએ તરીકે ઓળખાવીને છેતરપિંડીનો મામલો પ્રકાશમાં આવ્યો છે. પોલીસે આ મામલે ૨ લોકો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. બે આરોપીઓ પર ૧૫ લાખની છેતરપિંડીનો આરોપ છે. આ આરોપીઓએ સામાજિક કાર્ય કરવાના નામે છેતરપિંડી આચરી હતી.આરોપીઓની ઓળખ સુહાસ મહાડિક અને કિરણ પાટીલ તરીકે થઈ છે. મુંબઈની મરીન ડ્રાઈવ પોલીસે આઈપીસીની કલમ ૧૭૦, ૪૧૯, ૪૨૦ અને ૩૪ હેઠળ આરોપીઓ વિરુદ્ધ કેસ નોંધ્યો છે. આ કેસમાં આરોપી સુહાસ મહાડિક વિરુદ્ધ મુંબઈના આગ્રીપાડા પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાયેલો છે.

દરમિયાન મહારાષ્ટ્રમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના ભાજપ સાથે ગઠબંધનની ચર્ચાઓ તેજ થઈ ગઈ છે.

# કસ્ટડીમાં હોવા છતાં પદને વળગી રહ્યા હોય તેવા પહેલા મુખ્યમંત્રી કેજરીવાલ



મુંબઈ,

કોંગ્રેસના નેતા સંજય નિરુપમે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ પર ટિપ્પણી કરતા કહ્યું કે આ પહેલીવાર થઈ રહ્યું છે કે કસ્ટડીમાં હોવા છતાં પણ તેઓ મુખ્યમંત્રી પદને વળગી રહ્યા છે. તેમણે કહ્યું કે કેજરીવાલે તાત્કાલિક પોતાના પદ પરથી રાજીનામું આપવું જોઈએ. ભારતીય રાજનીતિમાં માત્ર ૧૧ વર્ષ જૂની પાર્ટી સંપૂર્ણપણે અનૈતિક બની રહેલી રાજનીતિનો દાખલો બેસાડી રહી છે. કેજરીવાલ જીનો પોતાના પદને વળગી રહેવાનો આગ્રહ ભવિષ્યમાં ભારતીય રાજકારણને વધુ પોકળ બનાવશે.

સંજય નિરુપમે કહ્યું કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તેમના જીવનના સૌથી મોટા સંકટમાંથી પસાર થઈ રહ્યા છે. માનવતા તરીકે, અમે તેમની સાથે સહાનુભૂતિ અનુભવીએ છીએ. કોંગ્રેસ પાર્ટીએ પણ તેમને જાહેરમાં સમર્થન આપ્યું છે.પરંતુ ભારતીય રાજકારણમાં તેઓ જે નૈતિકતાની નવી વ્યાખ્યા લખી રહ્યા છે તે મને આ પોસ્ટ લખવા મજબૂર કરી છે.


એક સમય હતો જ્યારે અડવાણી જી, માધવરાવ સિંધિયા અને કમલનાથ જેવા નેતાઓના નામ હવાલા વેપારી જૈનની કથિત ડાયરીમાં આવ્યા હતા અને તેમના પર લાંચ લેવાનો આરોપ લાગ્યો હતો. ત્યારે તેમણે નૈતિકતાના આધારે તરત જ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.

# પૂર્વ લોકસભા સ્પીકર મીરા કુમારે ચૂંટણી લડવાનો ઈન્કાર કરી દીધો

પટણા,

લોકસભા ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે. ચૂંટણી જંગ માટે પક્ષો અને ઉમેદવારોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી રહી છે. આ દરમિયાન પૂર્વ લોકસભા સ્પીકર અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા મીરા કુમારે આગામી લોકસભા ચૂંટણી લડવાનો ઈક્કાર કરી દીધો છે. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર લખ્યું કે તે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી નહીં લડે.મીરા કુમારે લખ્યું, "મેં ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં નહીં લડવાનો નિર્ણય કર્યો છે. હું હંમેશા મારા દેશના લોકો, ખાસ કરીને ગરીબ, વંચિત વર્ગ અને મહિલાઓની સેવા કરીશ." તમને જણાવી દઈએ કે આ પહેલા પણ કોંગ્રેસના ઘણા નેતાઓએ ચૂંટણી લડવાની ના પાડી દીધી હતી. જેમાં મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કમલનાથ અને રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતનું નામ સામેલ છે. આ સાથે અન્ય ઘણા નેતાઓ એવા છે જેમણે ચૂંટણી મેદાનમાં ઉતરવાની ના પાડી દીધી છે.તમને જણાવી દઈએ કે મીરા કુમાર અગ્રણી દલિત નેતા અને પૂર્વ રક્ષા મંત્રી જગજીવન રામની પુત્રી છે.

# ભારતીય રિફાઈરી કંપનીઓની રશિયાથી ઓઈલની આયાતમાં ગત માસમાં ૨.૮ ટકાનો થયો વધારો



નવીદિલ્હી,

ભારતની રશિયામાંથી ક્રૂડ ઓઈલની આયાત જાન્યુઆરીની સરખામણીમાં ફેબ્રુઆરીમાં વધી છે. આ રીતે છેલ્લાં બે મહિનાથી જે ઘટાડો થયો હતો તે રિવર્સ થયો છે. ઈન્ડસ્ટ્રીમાંથી મળેલા ડેટા અનુસાર રિફાઈનરી કંપનીઓએ રશિયામાંથી લાઈટ સ્વીટ સોકોલ ગ્રેડ ઓઈલ ખરીદ્યું છે. ફેબ્રુઆરીમાં ભારતીય રિફાઈનરી કંપનીઓએ રોજનું ૧૫.૧ લાખ બેરલ ઓઈલ ખરીદ્યું છે, જે જાન્યુઆરીની સરખામણીમાં ૨.૮ ટકા વધારો દર્શાવે છે. જોકે ફેબ્રુઆરી-૨૩ની સરખામણીમાં તેમાં ૧૨.૨ ટકાનો ઘટાડો થયો છે. ફેબ્રુઆરીમાં ભારતે કુલ ક્રૂડ ઓઈલની જે આયાત કરી તે પૈકી ૩૨ ટકા આયાત રશિયામાંથી થઈ છે, જેનું પ્રમાણ જાન્યુઆરીમાં ૨૮ ટકા હતું. ડિસેમ્બર અને જાન્યુઆરીમાં પેમેન્ટની સમસ્યા અને અમેરિકાએ નિયંત્રણો આકરા બનાવતા રશિયામાંથી ભારતીય કંપનીઓની ઓઈલની આયાત ઘટી હતી.ભારતની ઓઈલની કુલ આયાત ફેબ્રુઆરીમાં ૧૦ ટકા ઘટીને રોજના ૪૭.૨ લાખ બેરલ થઈ હતી. સરકારના પ્રાથમિક ડેટા કરતાં આ ઘટાડો વધારે છે. કારણ કે સરકારે કેટલાક પાર્સલ ફેબ્રુઆરીમાં આવ્યા તે માર્ચમાં ડિસ્ચાર્જ કર્યા હોવાથી ગણતરી માર્ચમાં કરી છે. સાઉથ અમેરિકાના દેશોમાંથી ભારતની આયાત વધી છે. તેનું કારણ વેનેઝુએલામાંથી ઓઈલની આયાત વધી છે. ફેબ્રુઆરીમાં વેનેઝુએલા ચોથા ક્રમનું સૌથી મોટુ સપ્લાયર હતું.બીજી તરફ ભારતે ફેબ્રુઆરીમાં ઈરાકમાંથી આયાત ૩૨ ટકા ઘટાડી છે.

# ચૂંટણી લડવા સક્ષમ નથી પણ પાર્ટીનો આદેશ માનવો પડશેઃ દિગ્વિજય સિંહ

ભોપાલ,તા.

લોકસભા ચૂંટણીને લઈને કોંગ્રેસે મધ્યપ્રદેશમાં ૧૦ બેઠક માટે ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. અહેવાલો અનુસાર, કોંગ્રેસની ચોથી યાદી શનિવારે જાહેર થઈ શકે છે. કોંગ્રેસની આ યાદીમાં મધ્યપ્રદેશના ઉમેદવારોના નામ પણ હોઈ શકે છે. આ દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી અને રાજ્યસભા સાંસદ દિગ્વિજય સિંહે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'પાર્ટીએ મને ચૂંટણી લડવાનું કહ્યું છે, હું ઈચ્છતો હતો કે એક યુવક રાજગઢ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડે, પરંતુ મારે પાર્ટીના આદેશનું પાલન કરવું પડશે. હવે ચૂંટણી મારા નિયંત્રણમાં નથી.'

પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ રાજગઢ જિલ્લાના પ્રવાસે હતા. છાપીહેડામાં જિલ્લા કોંગ્રેસ સમિતિની બેઠકને સંબોધતા તેમણે કહ્યું હતં કે, 'યુવા કાર્યકરોએ આ ચૂંટણી લડવી પડશે. હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી પરંતુ મને કહેવામાં આવ્યું છે કે મારે ચૂંટણી લડવી છે. આ ચૂંટણી મારા નિયંત્રણમાં નથી કારણ કે હું ૭૫ વર્ષનો છું, આ ચૂંટણી યુવાનોની ચૂંટણી છે, તમારે લડવાની છે.'

# રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને બે મહિનામાં પોર્ટલ પર નોંધાયેલા લગભગ આઠ કરોડ લોકોને રેશન કાર્ડ આપવા સુપ્રિમનો આદેશ



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આદેશ આપ્યો છે કે જે લોકો કેન્દ્ર સરકારના ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલા છે અને અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરે છે તેમને બે મહિનાની અંદર રેશન કાર્ડ બનાવવા. આવા લોકોની સંખ્યા લગભગ આઠ કરોડ છે. રેશન કાર્ડ બનવાથી આવા લોકો કેન્દ્ર અને રાજ્ય સરકારોની યોજનાઓ અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ હેઠળ લાભ મેળવી શકશે.અહેવાલ મુજબ, જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદીન અમાનુલ્લાહની ડિવિઝન બેંચે સામાજિક કાર્યકર્તા હર્ષ મંદેર, અંજલિ ભારદ્વાજ અને જગદીપ છોકરની અરજી પર આ આદેશ આપ્યો છે. અરજીમાં કેન્દ્ર અને કેટલાક રાજ્યો દ્વારા ડ્રાય રાશન પર ૨૦૨૧ માં જારી કરાયેલ સર્વોચ્ચ અદાલતના નિર્દેશોનું પાલન ન કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. તેના ૨૦૨૧ ના આદેશમાં, સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સૂકું રાશન પૂરું પાડતી વખતે, રાજ્ય એવા પરપ્રાંતિય મજૂરો પાસેથી ઓળખ કાર્ડ માંગશે નહીં કે જેમની પાસે રેશન કાર્ડ નથી. ત્યારબાદ કોર્ટે કોવિડ સમયગાળા દરમિયાન રાષ્ટ્રીય રાજધાની દિલ્હી સહિત અન્ય શહેરોમાં ફસાયેલા પરપ્રાંતિય મજૂરોને માત્ર સ્વ-ઘોષણાના આધારે સૂકો રાશન આપવાનો આદેશ આપ્યો હતો.ગયા વર્ષે એપ્રિલમાં જસ્ટિસ એમ.આર. જસ્ટિસ શાહ અને જસ્ટિસ અહસાનુદીન અમાનુલ્લાહની ડિવિઝન બેન્ચે રાજ્ય સરકારોને ત્રણ મહિનાની અંદર રેશનકાર્ડ જારી કરવાનો નિર્દેશ આપ્યો હતો કે જેમની પાસે રેશન કાર્ડ નથી પરંતુ કેન્દ્રના ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલા છે. આ પોર્ટલ મુખ્યત્વે તમામ અસંગઠિત કામદારોના જરૂરી ડેટાની નોંધણી, નોંધણી, સંગ્રહ અને ઓળખ માટે રચાયેલ છે.૧૯ માર્ચે સુનાવણી દરમિયાન અરજદારોએ કોર્ટને જણાવ્યું હતું કે ઈ-શ્રમ પોર્ટલ પર કુલ ૨૮.૬૦ કરોડ લોકો નોંધાયેલા છે.

# માલદીવના રાષ્ટ્રપતિ મુઈઝુ બેકફુટ પર : કહ્યું ભારત માલદીવનો સૌથી નજીકનો સાથી રહેશે

માલદીવ,

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ હવે ભારત સાથે સમાધાનકારી વલણ અપનાવ્યું છે. મુઈઝુએ હવે કહ્યું છે કે ભારત માલદીવનો સૌથી નજીકનો સાથી છે અને અમે અપેક્ષા રાખીએ છીએ કે પડોશી દેશ અમને દેવું રાહત આપશે. અહીં, અમે તમને જણાવી દઈએ કે ૨૦૨૩ ના અંત સુધીમાં, માલદીવનું ભારત પરઆશરે ૪૦૦.૯ મિલિયનનું દેવું હતું. નવેમ્બર ૨૦૨૩માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા બાદથી ચીન તરફી મુઈઝુએ ભારત પ્રત્યે કડક વલણ અપનાવ્યું છે. થોડા જ કલાકોમાં તેણે માલદીવના ભારતીય સૈન્ય કર્મચારીઓને ૧૦ મે સુધીમાં ભારત પરત મોકલવાની માંગ કરી હતી.હવે મુઈઝુ કહે છે કે ભારત માલદીવનો સૌથી નજીકનો સાથી રહેશે. તેમણે કહ્યું કે માલદીવે ભારત પાસેથી લોન લીધી છે, જે ટાપુ રાષ્ટ્રની અર્થવ્યવસ્થા સહન કરી શકે તે કરતાં વધુ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેઓ લોનની ચુકવણી માટે વિકલ્પો શોધી રહ્યા છે અને તે અંગે ભારત સરકાર સાથે સતત ચર્ચા કરી રહ્યા છે. મુઈઝુએ આશા વ્યક્ત કરી કે ભારત આ મામલે સહયોગ આપશે.તમને જણાવી દઈએ કે માલદીવમાં યોજાનારી સંસદની ચૂંટણી પહેલા એપ્રિલ મહિનામાં મુઈઝુએ ભારતની તરફેણમાં પોતાનો મત વ્યક્ત કર્યો હતો. મુઈઝુએ ડિસેમ્બર ૨૦૨૩ માં દુબઈમાં સમિટમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે કરેલી ચર્ચાઓનો પણ ઉલ્લેખ કર્યો.

# ગોહિલવાડના ગામે ગામ રંગોત્સવ

## શહેરના દરેક વિસ્તારોમાં રંગ પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી, રંગોત્સવ બાદ ઉંધીયુ, પુરી, શીખંડ સહિતના વ્યંજનોની મજા માણી

# ભાવનગરમાં રંગોત્સવની ઉજવણીમાં રૂપાણી સર્કલ રહ્યું કેન્દ્ર બિંદુ, યુવાધને એકબીજાને રંગોથી રંગી ઉત્સાહ-ઉમંગથી ભરી દીધુ પર્વને








તસવીર : મૌલીક સોની






ભાવનગર, તા.૨૬

ભાવનગર શહેર તથા જિલ્લાભરમાં ધૂળેટી પર્વની ઠેરઠેર ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, શહેરભરમાં લોકોએ મન ભરી ઉલ્લાસભેર એકબીજાને રંગમાં રંગાયા હતા, રૂપાણી સર્કલ ખાતે પ્રથમવાર ડીજેના તાલે ધૂળેટી પર્વની ઉજવણી કરવાના યોજાયેલા કાર્યક્રમમાં હજારો લોકો ઉમટી પડ્યા હતા અને રંગોત્સવની ઉજવણી કરી હતી. આ ઉપરાંત લોકો પોતાના ઘરે, જાહેર રોડ પર, હોસ્ટેલ સ્થળોએ બાળકો, વિદ્યાર્થીઓ, અધિકારીઓ સહિત લોકોએ ધુળેટીની ઉજવણી એકબીજાને રંગો લગાડી કરવામાં આવી હતી.

શહેરના રૂપાણી સર્કલ ખાતે ધુળેટી પર્વની યુવાનધનએ ખુબજ ઉત્સાહ સાથે ઉજવણી કરી હતી, અને યુવાનોએ એકબીજા મિત્રોને ગુલાલ રંગો લગાડી ઉજવણી કરી હતી,

આ ઉપરાંત શહેરના અલગ -અલગ વિસ્તારોમાં ઘોઘા સર્કલ, આતાભાઈ ચોક, સંસ્કાર મંડળ, વાઘાવાડી રોડ, પાણી ટાંકી, કળિયાબીડ, હિમાલીયા મોલ તથા જેવલર્સ સર્કલ સહિતની જગ્યાએ લોકોએ ગ્રુપ તથા પરિવારો સાથે જાહેરમાં ધુળેટીની એકબીજાને રંગો લગાડી ભવ્ય ઉજવણી કરી હતી. કેટલાક લોકો પોતાના બાઈક સહિત વાહનો પર નિકળી એક બીજા મિત્રોના ઘરે જઈને રંગે રમ્યા હતા તો બાળકોએ અવનવી પીચકારી સાથે એકબીજા પર પાણી અને કલર સાથે ધૂળેટીની ઉજવણી કરી હતી. જ્યારે બીજી તરફ પાર્ટી પ્લોટમાં ધુળેટીના આયોજન કરવામાં આવ્યા હતા જેમાં લોકોએ મોજ મસ્તી સાથે ધુળેટીનો ઉત્સવ મનાવ્યો હતો. અને ઉંધીયુ, શીખંડ, મઠો, ખમણ, સહિતની ફરસાણ તથા મીઠાઈ સાથેના વ્યંજનોની મીજબાની માણી હતી.

## પાનવાડી ચોકમાંથી શખ્સ વિદેશી દારૂ સાથે ઝડપાયો

ભાવનગર તા.૨૬

ભાવનગરના પાનવાડી ચોક પાસેથી નીલમબાગ પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની ૦૩ બોટલ, કિં. રૂપિયા ૧૮૯૦/- સાથે આશિષ નટુભાઈ પરમાર )( રહે. વડવા ફાચરિયા વાડ ) ને ઝડપી લઇ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## આનંદનગરમાં ઘર પાસે પાર્ક કરેલ મહિલાના સ્કુટરની ચોરી

ભાવનગર તા.૨૬

ભાવનગરના આનંદનગર, છેલ્લા બસ સ્ટેન્ડ પાસે આવેલ ઉમિયા માતાજીના મંદિર નજીક ત્રણ માળિયામાં રહેતા ભારતીબેન અમિતભાઈ ચુડાસમાની માલિકીનું ઍક્સેસ સ્કૂટર નં. જીજે ૦૪ ઈ એફ ૮૭૪૪ કિં. રૂ. ૫૦૦૦૦/- તેમના બ્લોક પાસે પાર્ક કર્યું હતું તે કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જતા ભારતીબેન ચુડાસમાએ વાહન ચોરી અંગે ઘોઘા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## નવા રતનપર ગામમાં જુગાર રમતા છ ખેલૈયાની ધરપકડ

ભાવનગર તા.૨૬

ભાવનગરના નવા રતનપર ગામમાં આવેલ ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૬ ઈસમો વિજય ભુપતભાઈ બારૈયા, મેરુ રાજુભાઈ કંટારીયા, વિશાલ વિનુભાઈ વેગડ, વિક્રમ મથુરભાઈ કંટારીયા, સુરેશ ભુથાભાઈ જેઠવા અને કમલેશ બારૈયા ને ઘોઘા પોલીસે રોકડા રૂ. ૩૪૦૦/- સાથે ઝડપી લઇ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

## બગદાણા પંથકના ચુણા ગામમાંથી ત્રણ જુગારી ઝડપાયા

ભાવનગર તા.૨૬

મહુવા તાલુકાના બગદાણા તાબેના ચુણા ગામમાં જુગાર રમતા કિશોરભાઈ ચોથાભાઈ જાદવ,કેતનભાઇ વેજાભાઇ વાળા અને નરશીભાઈ ઓઘડભાઈ મકવાણા ને બગદાણા પોલીસે રોકડા રૂ. ૪૮૩૦/- સાથે ઝડપી લઈ તમામ વિરુદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## સરતાનપરમાં પાટીયા પાસે જુગાર રમતા છ શખ્સની ધરપકડ

ભાવનગર તા.૨૬

ભાવનગરના સરતાનપર ગામના પાટીયા પાસે આવેલ એક કંપનીની પાછળ ખુલ્લી જગ્યામાં ટોર્ચ લાઈટ ના અજવાળે જુગાર રમતા ૬ ઈસમો દિલીપ ગોબરભાઇ બારૈયા, સંજય નાનુભાઈ મકવાણા, ભરતગીરી શિવગીરી ગોસ્વામી, રાકેશ ઝીણાભાઈ ચૌહાણ, દિનેશ કેશુભાઈ મોભ અને હરેશ બાબભાઈ રાઠોડ ને વરતેજ પોલીસે રોકડા રૂપિયા ૧૯૬૬૦/- સાથે ઝડપી લઇ તમામ વિરુદ્ધ જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## કોબડી ટોલનાકાના ત્રણ કર્મીઓએ બે કાર ચાલકો ઉપર કર્યો હુમલો

### ફાસ્ટટેગ બાબતે બબાલ કરી ઓફિસમાં લઈ જઈ માર માર્યો, બે અલગ-અલગ ફરિયાદ

ભાવનગર તા.૨૬

ભાવનગર તળાજા નેશનલ હાઈવે પર આવેલ ખોબડી ટોલનાકા ના કર્મચારીઓ દ્વારા ફાસ્ટેગ બાબતે કારચાલકો સાથે ઝઘડો કરી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની અલગ અલગ બે ફરિયાદ વરતેજ પોલીસ મથકમાં નોંધાઈ છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ વરતેજ ગામમાં રહેતા અને કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા ચંદ્રસિંહ યુવરાજસિંહ ગોહિલએ વરતેજ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ તેમજ તેમના મિત્ર તેમની ઈનોવા કાર નં. gj ૦૪ સીએ ૭૦ ૨૩ લઈને તળાજા થી પરત આવતા હતા ત્યારે કોબડી ટોલનાકા પર હાજર અશોકસિંહ વજેસંગ ગોહિલ, ભયલુભા સુરુભા ગોહિલ અને મહિમનસિંહ સહદેવસિંહ સરવૈયાએ ફાસટેગ બાબતે ઝઘડો કરી ગાળો આપી ઓફિસમાં લઈ જઈ ઢીકા પાટુ નો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

અન્ય એક ફરિયાદમાં વડોદરામાં રહેતા અને કાર ડ્રાઈવિંગ કરતા ભાવેશભાઈ દિનેશભાઈ ગાયકવાડે વરતેજ પોલીસ મથકમાં કોબડી ટોલનાકાના ત્રણ કર્મચારીઓ અશોકસિંહ વજેસંગ ગોહિલ, ભયલુભા ગોહિલ અને મહિમનસિંહ સહદેવસિંહ સરવૈયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેઓ તેમની કાર નંબર જીજે ૦૬ બીટી ૮૬૭૬ લઈને સોમનાથ થી વડોદરા પરત આવતા હતા ત્યારે કોબડી ટોલ પ્લાઝા પર હાજર કર્મચારીઓએ ફાસ્ટેગ બાબતે ઝઘડો કરી ઓફિસમાં લઈ જઈ લોખંડના પાઈપ વડે માર મારી ઈજા પહોંચાડી હતી.

વરતેજ પોલીસે કોબડી ટોલનાકાના ત્રણેય કર્મચારી વિરુદ્ધ અલગ અલગ બે પોલીસ ફરિયદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


## મણાર ગામે ધૂળેટીનો રંગ ફિક્કો પડ્યો, ચેકડેમમાં ડૂબી જવાથી ત્રણ યુવકોના મોત

### હોળી રમ્યા બાદ ચેકડેમમાં ન્હાવા માટે ગયા હતા : શોકનું મોજું

ભાવનગર તા.૨૬

તળાજા તાલુકાના મણાર ગામનાં ભાખલ વિસ્તારમાં રહેતા ત્રણ યુવાનોના ચેકડેમમાં ડૂબી જવાથી કરુણ મોત નીપજતા ગામમાં ભારે ગમગીની ફેલાઈ જવા પામી હતી.હોળી રમ્યા બાદ યુવકો ચેકડેમમાં ન્હાવા માટે ગયા હતા ત્યારે આ કરુણ ઘટના બની હતી.

આ કરુણ બનાવ અંગે મળતી વિગતો મુજબ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ગામે ધુળેટીના દિવસે બપોરે ધુળેટી રમ્યા બાદ ગામના ત્રણ યુવાનો ચેકડેમમાં નાહવા માટે ગયા હતા જ્યા મુકેશ બાબુભાઈ મકવાણા (ઉં.વ.૪૦) ,રવિ તુલસીભાઈ કુટેચા ( ઉ.વ.૨૦ ) તેમજ રવિ ધરમસીભાઈ મકવાણા ( ઉં. વ .૨૭ ) ના ડેમમાં ડૂબી જવાથી મોત નિપજ્યા હતા. આ ઘટનાના પગલે મૃતકોના પરિવારમાં માતમ છવાઈ ગયો



હતો.

આ બનાવની જાણ થતાં ફાયર વિભાગની ટીમ બનાવ સ્થળે દડી ગઈ હતી અને ત્રણેય હતભાગી યુવકોના મૃતદેહને ચેકડેમ માંથી બહાર કાઢી તળાજા સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવેલ.

રંગોના આ પર્વ પર ત્રણ યુવાનોના ડૂબી જવાથી એક સાથે મોત નીપજતા ભાવનગર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

## ઠપકો આપ્યાની દાઝ રાખી યુવક અને તેના મિત્રો ઉપર હુમલો

### પાલીતાણના વાળુકડની ઘટનામાં ગામના ચાર ઈસમ વિરુદ્ધ ફરિયાદ

ભાવનગર તા.૨૬

પાલીતાણા તાલુકાના વાળુકડ ગામમાં રહેતા સુનિલભાઈ બાલધિયાયાના ઘરે ગઈ કાલે બપોરે તેમના સંબધી બાબુભાઈ મકવાણા અને અનિલભાઈ મકવાણા નશો કરેલી હાલતે જતા સુનિલભાઈ ના માતા પિતાએ તેમને ઠપકો આપ્યો હતો તે બાબતની દાઝ રાખી સાંજના સમયે સુનિલભાઈ તથા તેમના મામાના દીકરા અજયભાઈ કિશોરભાઈ ચુડાસમા અને વિશાલભાઈ મુકેશભાઈ ચુડાસમા ગામની બજારમાં ગયા હતા ત્યારે બાબુભાઈ પ્રેમજીભાઈ મકવાણા, વિજયભાઈ બાબુભાઈ મકવાણા, મિલનભાઈ ટીનાભાઈ મકવાણા, અને અનિલભાઈ ટીનાભાઈ મકવાણા એ છરી વડે ઘસરકા કરી લાકડાનો ધોકો અને પાઈપ વડે મૂઢમાર માર્યો હતો.

આ બનાવ અંગે સુનિલભાઈ ભરતભાઈ બાલોધિયા એ પાલીતાણા ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## દારૂ પકડાવ્યાની દાઝ રાખી યુવકના પરિવાર ઉપર હુમલો

### ઘોઘારોડ પર આવેલ કૃષ્ણપરા વિસ્તારની ઘટનામાં બાઈકને પણ નુકસાન કર્યાની રાવ

ભાવનગર તા.૨૬

ભાવનગરના ઘોઘારોડ, ગૌશાળા નજીક આવેલ કૃષ્ણપરા વિસ્તારમાં રહેતા પરિવાર ઉપર દારૂ પકડાવ્યાની દાઝ રાખી આ જ વિસ્તારમાં રહેતા ચાર ઈસમોએ માર મારી મોટરસાઈકલને નુકસાન પહોંચાડતા યુવકે તમામ વિરુદ્ધ ઘોઘા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના ઘોઘા રોડ કૃષ્ણપરા ગૌશાળા, શેરી નંબર ત્રણમાં રહેતા ભાવેશભાઈ વલ્લભભાઈ સોલંકી એ ઘોઘા રોડ પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ગઈકાલે તેઓ તેમના ઘરે હતા તે દરમિયાન આ જ વિસ્તારમાં રહેતા સંજયભાઈ નાનુભાઈ મકવાણા, રાકેશભાઈ કિશોરભાઈ મકવાણા, અનિલભાઈ કિશોરભાઈ મકવાણા અને કાળુભાઈ કિશોરભાઈ મકવાણા એ તેમના ઘરે આવી અમારો દારૂ કેમ પકડાવી દીધો તેમ કહી ગાળો આપી લાકડાના ધોકા વડે ભાવેશભાઈ તથા તેમના ભાઈ અને માતા-પિતાને માર મારી તેમના કાકાના દીકરા હિરેનભાઈ ના મોટસાઈકલમાં તોડફોડ કરી નુકસાન કરી જતા રહ્યા હતા. ઘોઘા રોડ પોલીસે ચારેય ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તથા હાથ ધરી છે.

## હોળી દર્શન માટે ગયેલા દંપતીને શખ્સે ધમકી આપ્યાની ફરિયાદ

ભાવનગર તા.૨૬

તળાજા તાલુકાના ગઢુલા ગામમાં રહેતા દિનેશભાઈ ઝવેરભાઈ મેર અને તેમના પત્ની ચંપાબહેન ગામમાં હોળીના દર્શન માટે ગયા હતા તે દરમિયાન અજય રામજીભાઈ ભાલીયા ( રહે. રેલીયા તા તળાજા )) ગાળો બોલતો હોય દિનેશભાઈએ તેને ગાળો બોલવાની ના કહેતા ઉશ્કેરાઈ ગયેલો શખ્સ છરી વડે હુમલો કરવા દોડ્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે યુવકના પત્ની ચંપાબેન દિનેશભાઈ મેરે દાઠા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

૩૩મી પૂણ્યતિથીએ ભાવવંદના



**સ્વ. શ્રી વાડીલાલ બી. મહેતા**

સ્વ. સં. ૨૦૪૮ ચૈત્ર સુદ -૧૧, મંગળવાર

તા. ૨૫-૩-૧૯૯૧

સૂર્યોદય અને સૂર્યાસ્ત જીવનની પ્રણાલિ છે, જીવન અને મૃત્યુ તેના પર્યાય છે. સદ્‌ગતના સદ્‌ગુણો, દીર્ઘદ્રષ્ટિ અને પ્રેરણા અમ હૃદયમાં દીર્ઘકાળ રહેશે, જીવનભર માનવ - માનવ વચ્ચે સેતૂ બાંધનાર મૂઠી ઉંચેરા માનવીને કોટિ - કોટિ વંદન

• સ્વ. જયાબેન વાડીલાલ મહેતા •

• અજય-ભાવના • રાજુ - કાજલ (USA)
• હર્ષા-દીપકકુમાર (મુંબઇ) • શીતલ - અમિતકુમાર (USA)
• સ્વ. વિજયકુમાર • ચીરાગ - બીન્ની (સુરત)
• સંજય - સેજલ (USA) • રીશી, મિલન, નીશાંત (USA)
• રીયા, મીહીકા, તનીશા, વીવાન

**વાડીલાલ બી. મહેતા પરિવાર**

વાડીલાલ બી. મહેતા એન્ડ કાં.,
સ્ટર્લિંગ સેન્ટર,વાઘાવાડી રોડ, ભાવનગર.

VIVEK-2224142